RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 272* Date: 29.07.2024, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ગુજરાતનું ડેરીનું માર્કેટ એક લાખ કરોડ સુધી પહોંચ્યુ :વડાપ્રધાન

**સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના પશુપાલકોની જીવાદોરી સમાન સાબરડેરીના વિવિધ પ્લાન્ટનું વડાપ્રધાને લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યુ**

**ખેડૂત ઉત્પાદક સંઘો બન્યા બાદ ગુજરાતના ખેડૂતોને ૩ મોટા લાભ મળશે**




હિમતનગર,તા.૨૮

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે આવ્યા હતાં તેઓ આવતીકાલે ૨૯મી તારીખે ગુજરાતમાં છે. આજે પીએમ મોદી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના પશુપાલકોની જીવાદોરી સમાન સાબરડેરીના વિવિધ પ્લાન્ટના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યુ છે. જેમાં સાબર ડેરી હિંમતનગર ખાતે રૂ. ૩૦૫ કરોડના ખર્ચે નવનિર્મિત પાવડર પ્લાન્ટનું લોકાપર્ણ તેમજ રૂ. ૬૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર ચીઝ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કર્યું છે. આ ઉપરાંત રૂ. ૧૨૫ કરોડના ખર્ચે નિર્મિત ટેટ્રાપેકનું વર્ચ્યુઅલ લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે સુકન્યા યોજના અન્વયે દીકરીઓને ખાતા ખોલવાનો કાર્યક્રમ અને મહત્તમ દૂધ ઉત્પાદન કરનાર મહિલા પશુપાલકોનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સન્માન પણ કરવામા આવ્યુ છે.

પીએમ મોદીએ સંબોધન કરતા જણાવ્યુ કે, 'આજે સાબર ડેરીનો વિસ્તાર થયો છે. અહીં સેંકડો કરોડના નવા પ્રોજેક્ટ્સ સ્થપાઈ રહ્યા છે. આધુનિક ટેક્નોલોજીથી સજ્જ મિલ્ક પાવડર પ્લાન્ટ અને એ-સેપ્ટિક પેકિંગ વિભાગમાં વધુ એક લાઈનના ઉમેરા સાથે સાબર ડેરીની ક્ષમતામાં વધુ વધારો થશે.' પીએમએ વધુમાં જણાવ્યુ કે, 'જેમ જેમ સિંચાઈની સુવિધાઓનો ગુજરાતમાં વિસ્તાર થયો, એમ એમ કૃષિ અને પશુપાલનના ક્ષેત્રમાં અમે ઘણો જ વિકાસ કર્યો અને ડેરીએ તેને મોટી તાકાત આપી.'

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે આ પ્રોજેક્ટ સ્થાનિક ખેડૂતો અને દૂધ ઉત્પાદકોને સશક્ત બનાવશે. અને તેમની આવકમાં વધારો કરશે. આનાથી પ્રદેશમાં ગ્રામીણ અર્થતંત્રને પણ વેગ મળશે.

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે સાબર ડેરીનો વિસ્તાર થઈ રહ્યો છે ત્યારે નવો ચીઝ પ્લાન્ટ સાબર ડેરીને મદદ કરશે. આ પ્રસંગે તેમણે તમામ પશુપાલકો અને ડિરેક્ટરોને શુભકામના પાઠવી હતી. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે સાબર ડેરીની વાતમાં ભૂરાભાઈ પટેલની યાદ આવે જ. તેમણે વર્ષો પહેલાં શરૂઆત કરી હતી અને તેમણે લાખો પશુપાલકોનું જીવન સુધાર્યું હતું. સાબરકાંઠામાં કંઈ જ નવું જોવા નહી મળે કારણ કે ભાગ્યે જ એવો કોઈ ભાગ હશે જ્યાં ગયો નહી હોવ.

આજે પણ એ અવાજ કાનમાં ગૂંજે છે. આજથી બે દાયકા પહેલાં અહીં શું સ્થિતિ હતી એ તમને મને બંનેને ખબર છે. કૃષિ ક્ષેત્રે ગુજરાતે બદલાવ કર્યો છે, અર્થ વ્યવસ્થાને ડેરીએ મજબૂત કરી. પશુપાલક બહેનો સાથે વાત કરતાં કહ્યું કે વધારો મળે એટલે બહેનો સોનું ખરીદે. ગુજરાતનું ડેરી માર્કેટ ૧ કરોડને પાર પહોંચ્યું છે. મને ખુશી છે કે દૂધ સમિતિઓમાં મહિલાઓને સ્થાન મળ્યું છે. કેટલીક જગ્યાએ મહિલાઓ જ બધુ કામ સંભાળે છે. મેં એ વખતે નિયમ કર્યો કે દૂધના રૂપિયા ભાઈઓને નહી પણ મહિલાઓને મળવા જોઈએ. જેનાથી મહિલાઓની તાકાત વધી. સહકાર છે એટલે જ સમૃદ્ધિ છે.

પીએમ મોદીએ કહ્યું કે ભારતમાં ગ્રામીણ અર્થતંત્રના વિકાસમાં ડેરી ક્ષેત્રનો મોટો ફાળો રહ્યો છે અને સાબર ડેરીમાં ટેકનોલોજી આધારિત પ્રોજેક્ટ્સના લોકાર્પણ દ્વારા સરકાર ખેડૂતો અને દૂધ ઉત્પાદકોને ટેકો આપવા અને ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવા માટે મદદ કરી શકશે. તેઓ ગુજરાતમાં સાબર ડેરી ખાતે વિવિધ વિકાસલક્ષી પહેલોના ઉદઘાટન બાદ સંબોધન કરી રહ્યા હતા.પ્રધાનમંત્રીએ કહ્યું કે, સરકારે ખેડૂતોની આવક વધારવા માટે સમર્પિત રીતે કામ કર્યું છે. કૃષિથી પશુપાલન સુધી, અમે નાનામાં નાના ખેડૂતોની આવકમાં પણ નોંધપાત્ર વધારો જોયો છે.અમારી સરકારે છેલ્લા બે વર્ષમાં વિશેષ અભિયાન ચલાવીને ૩ કરોડથી વધુ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ પણ આપ્યા છે. તેમણે કહ્યું કે ખેડૂતોને મદદ કરવા અને કૃષિને પ્રોત્સાહન આપવાના પ્રયાસમાં, સરકારે છેલ્લા ૨ વર્ષમાં એક વિશેષ અભિયાન ચલાવીને ૩ કરોડથી વધુ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ પણ આપ્યા છે.કેન્દ્ર સરકાર દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક વાનની પહેલ વિશે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે, પ્લાસ્ટિક આપણા પશુઓ માટે દુશ્મન બની ગયું છે. અગાઉ પ્રાણીઓના પેટમાંથી ૧૫-૨૦ કિલો પ્લાસ્ટિક નીકળતું હતું, જ્યારે તેઓ મૃત્યુ પામતા હતા. આ એક કારણ છે કે અમે ભારતમાંથી પ્લાસ્ટિકના ઉપયોગને નાબૂદ કરવાની દિશામાં કામ કરી રહ્યા છીએ. તેમણે જણાવ્યું હતું કે, રેલવે લાઈન પહોળી કરવાની વાત હોય કે હાઈવેનો વિકાસ હોય, સરકારે સાબરકાંઠામાં કનેક્ટિવિટી માટે અસાધારણ માળખું ઊભું કર્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સરકાર આદિવાસીઓની સંસ્કૃતિ અને યોગદાનને મોખરે લાવવા અને આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓની ઉજવણી કરવા પર કામ કરી રહી છે.

## ભાજપનું કામ માત્ર સરકારને પડવાનું છે. મિથુનના નિવેદન બાદ મમતાનું નિવેદન

કોલકતા,તા.૨૮

ભાજપના નેતા અને ફિલ્મ અભિનેતા મિથુન ચક્રવર્તીના નિવેદનથી પશ્ચિમ બંગાળનું રાજકારણ વધુ ગરમાયું છે. મમતા સરકારના પ્રખર નેતા પાર્થ ચેટર્જીની હાલમાં શિક્ષક ભરતી કૌભાંડ કેસમાં ધરપકડ કરવામાં આવી છે. આ દરમિયાન મમતા બેનર્જીએ કેન્દ્ર સરકારને ઠપકો આપતા કહ્યું કે કેન્દ્રીય એજન્સીઓની મદદથી બંગાળને તોડવું સરળ નથી. તેમણે કહ્યું કે લોકતાંત્રિક રીતે ચૂંટાયેલી સરકારોને તોડી પાડવા સિવાય બીજેપી પાસે બીજું કંઈ જ નથી.

વાસ્તવમાં, બીજેપી નેતા મિથુન ચક્રવર્તી મીડિયા સામે આવ્યા અને દાવો કર્યો કે હાલમાં્ સ્ઞના ૩૯ ધારાસભ્યો પાર્ટીના સંપર્કમાં છે. જ્યારે ૨૧ ધારાસભ્યો તેમના સીધા સંપર્કમાં છે. મિથુન ચક્રવર્તીના નિવેદનથી પશ્ચિમ બંગાળના રાજકારણમાં નવો ભૂકંપ આવી ગયો છે. દરમિયાન, મમતા બેનર્જીએ નિવેદન આપ્યું હતું અને કેન્દ્રની ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે કેન્દ્રમાં શાસક પક્ષનો ઉદ્દેશ્ય લોકતાંત્રિક રીતે ચૂંટાયેલી રાજ્ય સરકારોને તોડી પાડવાનો છે.

તેમણે કહ્યું, તેમની પાસે (ભાજપ) પાસે કોઈ કામ નથી, તેમનું કામ ત્રણ-ચાર એજન્સીઓ દ્વારા રાજ્ય સરકારો પર કબજો કરવાનું છે. તેઓએ મહારાષ્ટ્ર, હવે ઝારખંડ પર કબજો કર્યો છે, પરંતુ બંગાળે તેમને હરાવ્યા છે, તેમણે કહ્યું. બંગાળને તોડવું સરળ નથી કારણ કે તમારે રોયલ બંગાળ ટાઈગર સામે લડો.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ દાવો કર્યો હતો કે ૨૦૨૪ની સામાન્ય ચૂંટણી પછી ભાજપ સત્તામાં પરત નહીં આવે. હું માનું છું કે ભાજપ ૨૦૨૪માં (સત્તા પર) નહીં આવે. ભારતમાં બેરોજગારી ૪૦ ટકા વધી રહી છે પરંતુ બંગાળમાં તે ૪૫ ટકા ઘટી છે, તેમણે કહ્યું.તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે બંગાળની છબી ખરાબ કરવા માટે 'મીડિયા ટ્રાયલ' ચાલી રહી છે. આજે મીડિયા ટ્રાયલ ચાલી રહી છે અને તેઓ લોકોને આરોપી ગણાવી રહ્યા છે. તેઓ માત્ર બંગાળની ખરાબ છબી બનાવવા માંગે છે.

## દેશમાં ૨૦૨૦માં માર્ગ અકસ્માતથી ૧.૩૦ લાખ લોકોએ જીવ ગુમાવ્યો

નવીદિલ્હી,તા.૨૮

દેશમાં વાહનોની સંખ્યા સાથે માર્ગ અકસ્માતનું પ્રમાણ ચિંતાનો વિષય છે ત્યારે ૨૦૨૦માં થયેલા કુલ ૩,૬૬,૧૩૮ રોડ અકસ્માતમાં ૧,૩૧,૭૧૪ લોકોના મૃત્યુ થયા હતા અને ૩,૪૮,૨૭૯ લોકોને ઈજા થઈ હતી એવી માહિતી માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ રાજ્યસભાને આપી હતી.ગડકરીએ લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, 'દેશમાં ૨૦૧૯માં થયેલા માર્ગ અકસ્માતોમાં ૪,૫૧,૩૬૧ લોકોને ઈજા થઈ હતી અને એ વર્ષે કુલ અકસ્માતની સંખ્યા ૪,૪૯,૦૦૨ રહી હતી. તેમણે કહ્યું હતું કે, માર્ગ મંત્રાલયે રોડ સુરક્ષાની સમસ્યાને ઘટાડવા બહુપાંખીય વ્યૂહરચના અપનાવી છે. જેમાં શિક્ષણ, એન્જિનિયરિંગ, અમલીકરણ અને ઈમરજન્સી કેરનો સમાવેશ થાય છે. ગડકરીએ અન્ય એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, 'કોરોના મહામારીને કારણે નેશનલ હાઈવેના નિર્માણ કાર્યને અમુક અંશે અસર થઈ હતી. પ્રોજેક્ટ અનુસાર સામાન્ય રીતે ૩-૯ મહિના જેટલા સમયનું નુકસાન થયું છે.સરકારે 'આત્મનિર્ભર ભારત' હેઠળ ઘણા પગલાં લીધા છે. જેમાં નિર્ધારિત મુદતમાં ૩-૯ મહિનાનો વધારો, પૂરતી રોકડની વ્યવસ્થા કરવા માટે કોન્ટ્રાક્ટની જોગવાઈમાં રાહત, સબ-કોન્ટ્રાક્ટર્સને સીધી ચુકવણી સહિતનાં પગલાનો સમા?વેશ થાય છે. ગડકરીએ વધુમાં જણાવ્યું હતું કે, 'રાજ્યોના ૬૧ ટ્રાન્સપોર્ટ એકમો ૧,૪૫,૭૪૭ બસોનું સંચાલન કરે છે.

## સીએમ હેમંત સોરેનના ખાસ લોકો પર ઈડીના દરોડા ૪૫ કરોડની કિંમતની સ્ટોન ચિપ્સ, પહેલા મળી આવ્યુ હતુ હવે ૩૦ કરોડનું જહાજ મળ્યું

રાંચી,તા.૨૮

પશ્ચિમ બંગાળમાં, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) રાજયના ઉદ્યોગ પ્રધાન પાર્થ ચેટરજીની નજીકની સહાયક અર્પિતા મુખર્જીના રહેઠાણ પર ઝડપી કાર્યવાહી કરી રહી છે. બંગાળની સાથે ઝારખંડમાં પણ ઈડી એક્શનમાં છે. ધારાસભ્યના પ્રતિનિધિ અને મુખ્યમંત્રી હેમંત સોરેનના નજીકના સાથી પંકજ મિશ્રા પાસેથી ૩૦ કરોડ રૂપિયાનું જહાજ જપ્ત કરવામાં આવ્યું છે.

ઈડીની ટીમ ગેરકાયદે ખનનને લઈને સાહિબગંજના વિવિધ સ્થળોએ ગેરકાયદેસર પથ્થરની ખાણો પર સતત દરોડા પાડી રહી છે. આ કડીમાં ૪૫ કરોડની સ્ટોન ચિપ્સ પણ જપ્ત કરવામાં આવી છે. ઈડી અધિકારીઓના જણાવ્યા અનુસાર, પંકજ મિશ્રાના નજીકના ઉદ્યોગપતિઓ ગેરકાયદેસર ખાણોનું સંચાલન કરતો હતો.

ઈડીના અધિકારીઓના જણાવ્યા અનુસાર ખાણોમાંથી ૩૭ મિલિયન ક્યુબિક ફૂટ સ્ટોન ચિપ્સ જપ્ત કરવામાં આવી છે. બારહૈત ધારાસભ્યના પ્રતિનિધિ પંકજ મિશ્રાની ચાલી રહેલી પૂછપરછમાં ઈડીને નવી માહિતી મળી રહી છે. તેના આધારે ઈડી સાહિબગંજ અને અન્ય સ્થળોએ થઈ રહેલા ગેરકાયદેસર ખનન પર કાર્યવાહી કરી રહી છે.

ઈડીએ કહ્યું કે તેણે ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનના સહયોગી સાથે જોડાયેલા વ્યક્તિ દ્વારા સંચાલિત રૂ. ૩૦ કરોડની કિંમતનું જહાજ જપ્ત કર્યું છે જેનો ઉપયોગ ગેરકાયદેસર ખનન દ્વારા કાઢવામાં આવેલા પથ્થરોના પરિવહન માટે કથિત રીતે કરવામાં આવતો હતો. તેમણે કહ્યું કે આ જહાજ ઝારખંડના મુખ્ય પ્રધાન હેમંત સોરેનના રાજકીય સહાયક પંકજ મિશ્રા સાથે જોડાયેલું છે, જેમની તાજેતરમાં ઈડી દ્વારા ગેરકાયદેસર ખાણકામના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. તે ૧ ઓગસ્ટ સુધી એજન્સીની કસ્ટડીમાં છે.

અધિકારીઓએ જણાવ્યું કે ઈન્ફ્રાલિંક-૩ નામના આ આંતરદેશીય જહાજનો રજીસ્ટ્રેશન નંબર ડબ્લ્યુબી ૧૮૦૯ છે. ઈડીએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જહાજના માલિક વિરુદ્ધ એફઆઈઆર પણ નોંધાવી હતી. ફેડરલ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે સાહેબગંજ (ઝારખંડ)ના સુકરગઢ ઘાટથી કોઈપણ પરવાનગી વિના જહાજ ગેરકાયદેસર રીતે ચલાવવામાં આવી રહ્યું હતું. ઈડીએ કહ્યું, ×જહાજને પંકજ મિશ્રા અને અન્ય લોકો સાથે મળીને રાજેશ યાદવ ઉર્ફે દાહુ યાદવના કહેવા પર ચલાવવામાં આવી રહ્યું હતું. તેના દ્વારા ગેરકાયદેસર રીતે ખનન કરાયેલા પથ્થરો મોકલવામાં આવતા હતા. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે જહાજની અંદાજિત કિંમત લગભગ ૩૦ કરોડ રૂપિયા છે.

## લોકસભામાં ભારે હોબાળા વચ્ચે સોનિયા ગાંધીએ સ્મૃતિ ઈરાનીને કહ્યું કે, મારી સાથે વાત ન કરો

### હિન્દી ઓછું જાણવાને કારણે ભૂલ થઈ, ફાંસી આપવી હોય તો આપી દોઃ અધીર રંજન ચૌધરી

નવીદિલ્હી,તા.૨૮

કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને 'રાષ્ટ્રીય પત્ની' કહેવાને લઈને લોકસભામાં ભારે હોબાળા વચ્ચે ભારતીય જનતા પાર્ટીના સાંસદ રમા દેવી, કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી ગૃહની બીજી બાજુ ગયા. રંજન ચૌધરીએ માફી માંગી છે. ત્યારે જ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની ત્યાં પહોંચી ગયા હતા અને સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા. ત્યારબાદ સૂત્રોના જણાવ્યા અનુસાર સોનિયા ગાંધીએ સ્મૃતિ ઈરાનીને કહ્યું કે, મારી સાથે વાત ન કરો

બપોરે ૧૨ વાગ્યે ગૃહની કાર્યવાહી સ્થગિત કર્યા પછી ભાજપના સાંસદો ''સોનિયા ગાંધી રાજીનામું આપો'' ના નારા લગાવી રહ્યા હતા. તે સમયે સોનિયા ગાંધી ઘરની બહાર જઈ રહ્યા હતા, પરંતુ સૂત્રોચ્ચાર વચ્ચે સોનિયા ભાજપ સાંસદ રમાદેવી પાસે પાછા ફર્યા અને કહ્યું કે અધીર રંજન ચૌધરીએ માફી માંગી લીધી છે. આ દરમિયાન જ્યારે સોનિયા ગાંધી વાત કરી રહ્યા હતા ત્યારે તેની સાથે રવનીત સિંહ બિટ્ટુ અને ગૌરવ ગોગોઈ હતા.

સોનિયાએ રમા દેવીને પૂછ્યું, ''મારું નામ કેમ લેવામાં આવી રહ્યું છે'' ત્યારે સ્મૃતિ ઈરાની ત્યાં આવી અને કહ્યું, ''મૅમ, મે આઈ હેલ્પ યુપ મેં તમારું નામ લીધું હતું'' પછી સોનિયા ગાંધી તેને કહ્યું, ''મારી સાથે વાત ન કરો'' તે પછી તરત જ બંને પક્ષના સાંસદો ત્યાં આવી ગયા અને સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા. ત્યારબાદ ગૌરવ ગોગોઈ અને સુપ્રિયા સુલેએ દરમિયાનગીરી કરી.કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ આ મામલે કોંગ્રેસને આડે હાથ લીધી. આ દરમિયાન તેમણે સોનિયા ગાંધીને આ મામલે માફી માંગવાનું પણ કહ્યું. આ દરમિયાન કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધી અને સ્મૃતિ ઈરાની વચ્ચે શાબ્દિક ટપાટપી પણ જોવા મળી. એટલે સુધી કે સોનિયા ગાંધીએ સ્મૃતિ ઈરાનીને 'ર્ઙ્ઘહ'્ૐઙ્ઘ ' સી' સુદ્ધા કહી દીધુ. અત્રે જણાવવાનું કે સોનિયા ગાંધીને જ્યારે આ મામલે પૂછવામાં આવ્યું હતું કે શું અધીર રંજન ટિપ્પણી પર માફી માંગશે તો તેમણે કહ્યું કે અધીર રંજન ચૌધરીએ માફી માંગી લીધી છે. સ્મૃતિ ઈરાનીએ સંસદમાં ચર્ચા દરમિયાન અધીર રંજન ચૌધરીના નિવેદનનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે કોંગ્રેસ આદિવાસી, ગરીબ અને મહિલા વિરોધી છે. કોંગ્રેસે સોનિયા ગાંધીની અધ્યક્ષતામાં દેશના સર્વોચ્ચ બંધારણીય પદ પર બિરાજમાન એક આદિવાસી અને ગરીબ પરિવારની મહિલાનો અનાદર અને તેમની ગરીમા પર પ્રહાર કરીને બંધારણને ઠેસ પહોંચાડવાનું કામ કર્યું છે.

સ્મૃતિ ઈરાનીના નિવેદન બાદ સદનમાં હંગામો થઈ ગયો અને સદનની કાર્યવાહી સ્થગિત કરાઈ. ત્યારબાદ સોનિયા ગાંધી રમાદેવી પાસે ગયા. તેમણે કહ્યું કે આ મામલે અધીર રંજને માફી માંગી લીધી છે. મારું નામ કેમ લેવામાં આવી રહ્યું છે.કોંગ્રેસ સાંસદ અધીર રંજન ચૌધરીના 'રાષ્ટ્રપત્ની' વાળા નિવેદન પર એક તરફ ભાજપ આક્રમક છે તો તેના પર સફાઈ આપતા કહ્યું કે, 'ભૂલથી મારા મોઢામાંથી નિકળી ગયું. ભૂલ થઈ ગઈ જો ફાંસી આપવાની છે તો ફાંસી આપી દો.' રાષ્ટ્રપત્ની શબ્દ કહ્યાં બાદ વિવાદોમાં ઘેરાયેલા કોંગ્રેસ સાંસદ અધીર રંજન ચૌધરીએ કહ્યું કે તે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી માફી માંગશે. આ પાંખડીઓ આગળ માફી નહીં માંગે. અધીર રંજને પોતાની સફાઈમાં કહ્યું કે, હિન્દી ઓછુ જાણવાને કારણે ભૂલ થઈ.

## રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની તબિયત અચાનક બગડી, ડોકટરોની ફોજ દોડી આવી

રશિયા,

જ્યારથી રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયું છે ત્યારથી રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની તબિયત ખરાબ હોવાના અહેવાલો આવી રહ્યા છે. અહેવાલો અનુસાર પુતિનની તબિયત શનિવારે વધુ ખરાબ થઈ ગઈ હતી. આ પછી તબીબોની બે ટીમ તરત જ રાષ્ટ્રપતિ આવાસ પર પહોંચી હતી. રશિયાની ટેલિગ્રામ ચેનલ દ્વારા ટાંકવામાં આવેલા અહેવાલો અનુસાર, પુતિનને તાત્કાલિક સારવારની જરૂર હતી, તેથી તેમની પેરામેડિક ટીમ ઉપરાંત, અન્ય ડૉક્ટરોને બોલાવવા પડ્યા.

ચેનલના જણાવ્યા અનુસાર રાષ્ટ્રપતિ પુતિનને રાત્રે તાત્કાલિક સારવારની જરૂર હતી. બપોરે ૧ વાગ્યાની આસપાસ ડોક્ટરોની ટીમ બોલાવવામાં આવી હતી. પુતિનનું હૃદય ખરાબ રીતે ધ્રૂજી રહ્યું હતું. જ્યારે મેડિકેર અધિકારીઓ સાથેની વાતચીત સફળ થઈ ન હતી, ત્યારે અન્ય ડોકટરોને ૨૦ મિનિટ પછી બોલાવવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ, ડોક્ટર લગભગ ૩ કલાક સુધી પુતિનની સાથે હતા. જે બાદ તેમની તબિયતમાં સુધારો થયો હતો.રશિયાની ભૂતપૂર્વ વિદેશી ગુપ્તચર સેવા લેફ્ટનન્ટ જનરલ દ્વારા ચલાવવામાં આવતી ટેલિગ્રામ ચેનલે પણ એવો દાવો કર્યો છે કે વ્લાદિમીર પુતિનનું સ્થાન લેશે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આવનારા કાર્યક્રમોમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરીને લોકોને છેતરવામાં આવી શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે, રાષ્ટ્રપતિ પુતિન પાર્કિન્સન્સ, કેન્સર અને અનેક જીવલેણ બીમારીઓથી લડી રહ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# ગુજરાતમાં દારૂબંધીએ હવે દંભનીતિ

મહાત્મા ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છંતા પણ રાજ્યના અનેક જિલ્લાઓના તાલુકામાં દેશી દારૂની હાટડીઓ ધમધમે છે, પોલીસતંત્રની રહેમનજરે આ દેશી દારૂના સ્ટેન્ડ ચાલી રહ્યા છે, હપ્તા સિસ્ટમે આજે ફરીવાર ગુજરાતને લઠ્ઠાકાંડમાં ધકેલી દીધો છે. બોટાદમાં થયેલા લઠ્ઠાકાંડમાં ૩૫ લોકોના મોત નિપજ્યા છે. જેના લીધે સરકારની દારૂબંધી નીતિ ચર્ચામાં આવી છે.આજે સરકાર પર અનેક સવાલો ઉઠી રહ્યા છે. રાજ્ય સરકારે દેશીદારૂની ભટ્ટીઓ નાબૂદ કરીને બૂટલેગરો સામે કડક કાર્યવાહી નિર્દેશ આપવા જોઈએ,અને દારૂબંધીની નીતિમાં બદલાવ કરીને રાજ્યમાં દારૂબંધી હટાવી લેવી જેઈએ? દારૂબંધી હવે દંભનીતિ બની ગઈ છે.

દારૂબંધીની વાત કરીએ તો ગુજરાતમાં અગ્રેજાનો સમયથી આ દારૂબંધી અમલી બની હતી. રસપ્રદ બાબત એ છે કે ગુજરાતમાં દારૂ બંધીનો પહેલો કાયદો ૧૮૭૮માં અમલી બન્યો હતો . ગુજરાત અને બોમ્બે તે સમયે એક રાજ્ય હતા અને બોમ્બે અબકારી એક્ટ હેઠળ દારૂ પર ભારે ટેક્સ લાદવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આવક વધારવા માટે આ ટેક્સ લાદવામાં આવ્યો હતો. તેની પાછળ કોઈ અન્ય કારણો ન હતા. ૧૯૩૯ અને ૧૯૪૭ માં આ કાયદામાં સુધારા કરવામાં આવ્યો હતો અને ગુજરાત અને બોમ્બેમાં સંપૂર્ણ પ્રતિબંધની જાહેરાત કરવામાં આવી હતી.૧૯૪૦ માં સરકારે પ્રતિબંધના અંગે પુનર્વિચાર કર્યો અને ચાર વર્ષીય યોજનાના આધારે સમગ્ર બોમ્બે પ્રાંતમાં "સંપૂર્ણ પ્રતિબંધ" ની નીતિ હાથ ધરવા અને તેને લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. પ્રોહિબિશન એક્ટ હેઠળ ૧૯૪૯માં કહેવામાં આવ્યું કે દારૂના સેવનને મંજૂરી આપવી જોઈએ નહીં કારણ કે તેનાથી સ્વાસ્થ્ય બગડે છે.શારિરીક મુશકેલીઓનો સામનો કરવો પડે છે, જેના લીધે કાયદો જાળવી રાખવામાં આવ્યો હતો.

૧૯૬૦માં મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યોમાં બોમ્બે પ્રાંતના પુનર્ગઠનને પગલે, ગુજરાતે સંપૂર્ણ પ્રતિબંધ નીતિ અપનાવવાનું પસંદ કર્યું. વાસ્તવમાં એ આધાર પર કે મહાત્મા ગાંધીનો જન્મ ગુજરાતમાં થયો હતો અને દારૂબંધી તેમના માટે આદરની નિશાની હતી. મહારાષ્ટ્રે એ નીતિને દૂર કરી અને તેના કાયદામાં સુધારો કર્યો.

ગુજરાતમાં પ્રોહિબિશન પોલિસીની મજાક ઉડાવવામાં આવતી હતી રસપ્રદ વાત એ છે કે અગાઉ પ્રતિબંધની નીતિના બચાવમાં જે કહેવામાં આવ્યું હતું તે કાઉન્ટર ડિફેન્સ બની ગયું. ગુજરાતના કાયદામાં કહેવાયું કે દારૂ પીવાની પરવાનગી માત્ર રજિસ્ટર્ડ એલોપેથિક ડોક્ટરના આધારે જ આપી શકાય છે કે જેના આરોગ્ય માટે દારૂ સારો છે! આજે પણ ગુજરાતમાં તમામ પરમિટ નિવાસી ગુજરાતીઓને માત્ર સ્વાસ્થ્યના આધારે જ આપી શકાય છે.૨૦૦૦ પહેલાની પ્રતિબંધની નીતિ એટલી વણસી ગઈ હતી કે ગુજરાતમાંથી પીવા માટે પરવાનગી માંગતા દરેકને એક વિચિત્ર ફોર્મ ભરવું પડતું હતું, જેમાં પૂછવામાં આવ્યું હતું કે, "દારૂડિયાનું નામ" અને શરાબીના પિતાનું નામ. જે ફોર્મમાં ઉપહાસનો વિષય બન્યો હતો. ભારતમાં ગમે ત્યાંથી મુસાફરી કરતો કોઈપણ વ્યક્તિ રહેણાંક પુરાવો બતાવીને એરપોર્ટ પરથી જ દારૂ પીવાની પરમીટ મેળવી શકે છે એટલુ જ નહી, ડઝનબંધ ફાઈવ સ્ટાર હોટલોમાંથી દારૂ ખરીદી શકાય છે પરંતુ ગુજરાતનો નિવાસીને દારૂ પીવાની મનાઈ છે. મહાત્મા ગાંધી એક એવા ગુજરાતી છે જે ખૂબ જ આદરણીય અને સન્માનિત છે, અને રાષ્ટ્રપિતા પણ છે. જો આપણે વન નેશન વન ઈલેક્શનની વાત કરીએ ત્યાં, એક નિષેધ નીતિની પણ દલીલ છે. જો કે પ્રતિબંધ રાજ્યનો વિષય છે અને કેન્દ્રીય વિષય નથી.જો તમે મહાત્મા ગાંધીના જન્મ સ્થળ પોરબંદરથી છો પરંતુ હાલમાં મુંબઈમાં રહો છો, તો તમે તમારા રહેઠાણનો પુરાવો બતાવી પોરબંદરમાં દારૂ પી શકો છો.

# નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મ પરમાત્માનું જ્ઞાન-૧

સંત નિરંકારી મિશનના પ્રસિદ્ધ ગ્રંથ અવતારવાણીમાં લખ્યું છે કે..ઉપર નીલગગનમાં પ્રાણી સૂરજ ચંદ્રને તારા છે, અસ્થાઈ છે ચમક દમક એ નાશ થઈ જનારા છે.નીચે ધરતી અગ્નિને જળ એનો છે વિસ્તાર ઘણો, નાશવાન છે આ પણ જગમાં નશ્વર આ સંસાર જાણો.મધ્યે જીવ આકાશને વાયુ સૂક્ષ્મ રૂપે સમાયા છે, અસ્થાઈ આને પણ જાણો તડકાને પડછાયા છે. આ નવ વસ્તુ દૃષ્ટિમાન જે જગકર્તાની માયા છે,આનો સ્વામી આથી ન્યારો આનામાં જ સમાયો છે.આ બધી માયા મટી જશે ને બાકી રહે જે અપરંપાર, કહે અવતાર છે આ સર્વસ્વ આને કહે છે નિરાકાર.(અવતારવાણી)

હે માનવ ! ઉપર જે સૂર્ય..ચંદ્રમા અને તારાઓ દેખાય છે તેની ચમક તથા તે તમામ નાશવાન છે. નીચે પણ ત્રણ તત્વ પૃથ્વી..પાણી અને અગ્નિ..જેનો ખુબ જ વિસ્તાર છે અને જેનાથી તમામ સંસારની રચના થઈ છે તે પણ નાશવાન..પરીવર્તનશીલ છે.મધ્યમાં ત્રણ સૂક્ષ્મ તત્વ માયાનાં રૂપ છેઃ જીવ..આકાશ અને વાયુ.આ ત્રણ પણ નાશવાન અને ક્ષણભંગુર છે.આ નવ વસ્તુ દૃષ્ટિમાન (ગોચર) છે જેને માયા કહેવામાં આવે છે.દશમો બ્રહ્મ (અવિનાશી તત્વ) તેમનાથી વિલક્ષણ..ન્યારો હોવા છતાં તેમની વચ્ચે જ સમાયેલ છે.માયા તો ક્ષણભંગુર હોવાથી નાશવાન છે પરંતુ આ અવિનાશી તત્વ બ્રહ્મ જેને લોકો કશું જ નથી એમ માને છે તે જ સર્વ કંઈ છે, તેને જ મહાત્માજનો નિરાકાર પરમાત્મા કહે છે,જે ત્રણે કાળમાં સત્ય હોવાથી સનાતન છે.

ઉપરોક્ત વૈજ્ઞાનિક વિધિથી બ્રહ્મ નિરૂપણ માત્ર છે.નાશવાન માયાથી અવિનાશી બ્રહ્મને અલગ પ્રગટ કરી જોવાની રીત છે પરંતુ આ બ્રહ્મજ્ઞાન પ્રગટ કરવાનો ફક્ત સિદ્ધાંત છે તેની સાથે ગુરૂ દ્વારા વ્યવહારિક જ્ઞાન અલગ છે.આ સિદ્ધાંત ગુરૂકૃપા અને જિજ્ઞાસુના અંતઃકરણની તડપ (વૈરાગ્યપૂર્ણ જિજ્ઞાસા) આ ત્રણથી જ બ્રહ્માનુભૂતિ (હરિદર્શન) થાય છે,જેમાં ગુરૂની કેન્દ્રિય ભૂમિકા છે.

માયા બે પ્રકારની છેઃસ્થૂળ માયા અને સૂક્ષ્મમાયા.સ્થૂળમાયાના છ ભેદ છે.સૂર્ય ચંદ્રમા તારાઓ આ ત્રણ ઉપર અને પૃથ્વી અગ્નિ પાણી આ ત્રણ નીચે છે.

સૂક્ષ્મઃ માયા ત્રણ પ્રકારની વચ્ચે છે જેમાં આકાશ વાયુ અને જીવ છે,જે તમામ પરિવર્તનશીલ ક્ષણભંગુર અને નાશવાન છે.ઉપર સૂર્ય ચંદ અને તારાઓ બતાવી સમગ્ર બ્રહ્માંડનું ચિત્રણ કરેલ છે કારણ કે અરબો ખરબો અસંખ્ય તારાઓનું વૈજ્ઞાનિકોએ ત્રણ ભાગમાં વિભાજન કર્યું છેઃગ્રહ (તારાઓ) ઉપગ્રહ (ચંદ) અને નક્ષત્ર (સૂર્ય). વૈજ્ઞાનિકો માને છે કે સૂર્ય વગેરે નક્ષત્રોની ચમક દિનપ્રતિદિન ઘટી રહી છે અને તે એક દિવસ ઠંડા થઈ જશે.આ ત્રણમાં નક્ષત્રથી ગ્રહ અને ગ્રહથી ઉપગ્રહ બનેલ છે.

નીચે માયાનાં ત્રણ રૂપ અગ્નિ પાણી અને પૃથ્વી બતાવ્યાં છે તેમાં અગ્નિથી જળ અને જળથી પૃથ્વી બની છે.આ સાંખ્યદર્શનનો નિયમ છે અને તેમાંથી જ સાકાર વસ્તુઓનું નિર્માણ થયેલ છે. મધ્યમાં સૂક્ષ્મ માયાનાં ત્રણ સ્વરૂપોઃઆકાશ..વાયુ અને જીવમાં પણ આકાશથી વાયુનું નિર્માણ (સાંખ્ય પ્રક્રિયા દ્વારા) થાય છે.જીવ એ પ્રભુનો અંશ હોવા છતાં અજ્ઞાન અવસ્થામાં જડવત જ છે, જે સુક્ષ્મ શરીરો અને કારણ શરીરોની સાથે ભટકતો રહે છે અને પુનરપિ જનનં પુનરપિ મરણમના ચક્રમાં ચૌરાશી લાખ યોનિઓમાં ફર્યા કરે છે.માયાના ત્રણ સ્વરૂપોના માટે "સૂક્ષ્મ " શબ્દનો પ્રયોગ કરીને તેને "દૃષ્ટિમાન" એટલા માટે કહ્યાં છે કે તે આકૃતિહીન હોવાછતાં પણ અનુભવાય છે એટલે અગોચર નહી પરંતુ ગોચર છે.(ગોચર એટલે ઈન્દ્રિયો કે મનનો વિષય)

પ્રકૃતિને નવ ભાગોમાં વિભાજીત કરેલ છે.જેમાં પાંચ મહાભૂત પૃથ્વી પાણી અગ્નિ વાયુ અને આકાશ અને સૂર્ય ચંદ્ર તારાઓ તથા જીવ મેળવીને નવ કર્યા છે.જીવ જો કે ઈશ્વરનો અંશ કહેવામાં આવ્યો છે તેમ છતાં તે અહંકારયુક્ત હોવાથી જડવત પ્રકૃતિનો જ અંશ છે.પ્રાચિન ગ્રંથોમાં અહંકારને માયામાં જ ગણેલ છે અને શ્રીમદ ભગવદ ગીતા (૭/૪) માં પણ "અહંકાર ઈતીયં મે ભિન્ના પ્રકૃતિષ્ટજધા" અહંકારને પ્રકૃતિમાં સામેલ કરેલ છે.આ અહંકાર જ જીવ કહેવાય છે કારણ કે અહંકાર ના હોય તો જીવ ક્યાં? પછી તો બ્રહ્મ જ છે.

ગીતામાં પ્રકૃતિને અષ્ટધા..આઠ પ્રકારની કે ત્રિગુણમયી કહ્યું છે.ત્રણ માયાના ગુણ છે,પ્રકાર નથી. નવ દ્વારોવાળા શરીર(પુર)ની કમળ(પુંડરીક)ની વાત કહી છે.જ્યાં બ્રહ્મ તથા તેની માયા રહે છે.આવા નગરને કે જ્યાં વિરાટ બ્રહ્મ અને વિશાળ માયા રહેતાં હોય તેને માનવ શરીર સુધી જ સિમિત સમજવાં ઉચિત છે? બ્રહ્મ અને માયાની અંદર અનેક એવા જીવોના શરીર છે,જેનામાં નવ દ્વારો હોતા નથી અથવા તે જડ પદાર્થ પત્થર વગેરે પણ છે જેનામાં એકપણ દ્વાર હોતું નથી પછી મનુષ્ય શરીરમાં નવ જ કેમ? અસંખ્ય દ્વાર હોય છે જેનાથી પરસેવો બહાર નીકળે છે.આ નવ દ્વાર બહાર પણ છે.

પરબ્રહ્મ પરમાત્મા અરૂપ અરંગ રેખાહીન ઈન્દ્રિયાતિત મન અને બુદ્ધિથી પર(અગોચર) અથાહ અનંત સમ્રાટોના સમ્રાટ આદિકાળથી અનાદિ સર્વવ્યાપી પ્રત્યેક યુગમાં પાપીઓના ઉદ્ધાર કરનારા પતિત પાવન સર્વ અંતર્યામી તથા તમામ જીવજંતુઓના પાલન કર્તા પ્રાણાધાર છે.પ્રભુ તથા તેમના સ્વરૂપનો અનુભવ દરેક જ્ઞાની ભક્તોને દરેક સમય(યુગ)માં એક સરખો જ થયેલ હોય છે કારણ કે પ્રભુ એક અપરીવર્તનશીલ અને હંમેશાં એકરસ રહેનાર છે.

આ વિશે શાસ્ત્ર મત જોઈએ.આ આત્મા અવ્યક્ત (નિરાકાર), અચિન્ત્ય (મનનો વિષય નહી) અને વિકાર રહીત (અપરીવર્તનશીલ) કહેવાય છે.(ગીતાઃ૨/૨૫) હું આપને આદિ અંત અને મધ્યથી રહીત સર્વશક્તિમાન જોવું છું. (ગીતાઃ૧૧/૧૯) જ્ઞાન ક્યારેય ગુરૂ વિના થતું નથી અને જ્ઞાન વિના મન પરમાત્મા તત્વમાં સ્થિર થતું નથી.જ્યાં સુધી જ્ઞાનને આચરણમાં લાવવામાં ના આવે ત્યાં સુધી જીવનમાં કોઈ લાભ મળતો નથી.

ટૂંકમાં નિરાકાર બ્રહ્મ (પરમાત્મા) જાણવા યોગ્ય છે.બ્રહ્મવેત્તાની કૃપાથી તેને આ માનવ શરીરમાં રહેતાં જાણી શકાય છે.બ્રહ્માનુભૂતિ જ મનુષ્ય યોનિની સાર્થકતા છે.

નિરાકાર બ્રહ્મનું જ્ઞાન (અનુભૂતિ) પ્રદાન કરનારને સદગુરૂ કહેવાય છે અને સદગુરૂ દ્વારા પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જ ભક્તિની શરૂઆત થાય છે.

બ્રહ્મજ્ઞાન ભક્તિનું સાધ્ય નહી પરંતુ સાધન છે. ભક્તિ ભગવાનને મેળવવા નહી પરંતુ પ્રથમ ભગવાનને જાણો ત્યારે જ ભક્તિ થઈ શકે છે.ભગવાનને જાણ્યા પછી જ અમારામાં દૈવી ગુણોનો પ્રવેશ થાય છે.

વિનોદભાઈ માછી
નિરંકારી
નવીવાડી, તા.શહેરા,
જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# જોધપુરમાં વરસી આકાશી આફત, ૭ લોકોએ ગુમાવ્યો જીવ, સેનાએ મોર્ચો સંભાળ્યો

**સેનાએ બચાવ કાર્ય હાથ ધરી લોકોને કર્યા રેસ્ક્યું, રાજસ્થાનમાં સામાન્ય કરતાં ૫૫ ટકા વરસાદ વધું નોધાયો**



જોધપુર,

ચોમાસામાં પશ્ચિમ રાજસ્થાનના જિલ્લાઓમાં વિનાશની સ્થિતિ સર્જાય છે. જોધપુર સહિત જેસલમેર, પાલી, નાગૌરમાં ભારે વરસાદ બાદ જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. બીજી બાજુ જોધપુરમાં રવિવાર સાંજથી વરસાદ બાદ પરિસ્થિતિ સતત બગડી રહી છે. જોધપુરમાં ગુરુવારે વરસાદ બંધ થયા બાદ અસરગ્રસ્ત વિસ્તારોમાં વહીવટીતંત્ર દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જો કે, અનેક વિસ્તારોમાં ભારે પાણી ભરાવાના કારણે એજન્સીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી બાજુ સેનાએ પણ જોધપુરમાં જિલ્લા પ્રશાસનની મદદ માટે મોરચો સંભાળ્યો છે. સેનાના જવાનો બચાવ કાર્યની સાથે કેટલાક દિવસોથી તેમના ઘરમાં ફસાયેલા લોકોને ભોજન પણ આપી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, જોધપુરમાં છેલ્લા ૩ દિવસમાં વરસાદે ૧૫ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે જ્યાં ત્રણ દિવસમાં ૧૦ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે.

ચાલુ વર્ષે રાજસ્થાનમાં સામાન્ય કરતાં ૫૫ ટકા વધુ ચોમાસું નોંધાયો છે. જોધપુર જિલ્લામાં સોમવાર સાંજથી ગુરુવાર સવાર સુધીમાં લગભગ ૧૦ ઈંચ વરસાદ પડ્યો છે. તમને જણાવી દઈએ કે જિલ્લામાં છેલ્લા બે દિવસથી વરસાદના કારણે ૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. અહીં જિલ્લામાં ભારે વરસાદ બાદ સતત ત્રીજા દિવસે તમામ સરકારી અને ખાનગી શાળાઓ બંધ રાખવામાં આવી છે.

જોધપુર જિલ્લામાં વરસાદ બાદ બગડેલી પરિસ્થિતિ વચ્ચે શહેરમાં બચાવ માટે ૪૦થી વધુ સેનાના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે,જ્યાં શહેરની ઘણી કોલોનીઓમાં લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવી રહ્યા છે. સેનાના જવાનો મોટી સંખ્યામાં બોટમાં બેઠેલા લોકોને બચાવી રહ્યા છે. આ સાથે સૈનિકો અસરગ્રસ્ત વિસ્તારોમાં ફૂડ પેકેટ પણ પહોંચાડી રહ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, જોધપુરમાં વરસાદ બાદ નહેરો, નાળા, ઝરણા અને તળાવ ઓવરફ્લો થઈ ગયા છે. બીજી તરફ જોધપુરમાં ત્રણ દિવસમાં વરસાદની તબાહીમાં સાતના મોત થયા છે, જેમાં પાંચ બાળકો, એક મહિલા અને એક પુરુષનો સમાવેશ થાય છે.

ભારે વરસાદના કારણે બાસનીમાં ડર્બી શ્રમિક કોલોનીને વરસાદ બાદ ખાલી કરાવવામાં આવી છે, તો આ તરફ જિલ્લા વહીવટીતંત્રે કોલોની ખાલી કરવાનો આદેશ આપ્યો છે અને પાણીમાં ફસાયેલા ૪૦૦ લોકોને બચાવી લીધા છે.

આ સિવાય જીઢઈજ્ઞની ટીમે લગભગ ૧૫૦ લોકોને નજીકની શાળાઓમાં મોકલ્યા છે.બીજી તરફ મંડોર રોડ પર સ્થિત જનતા કોલોનીના ૨૦ પરિવારોને મદરેસામાં શિફ્ટ કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ શહેરમાં છેલ્લા ત્રણ દિવસમાં વરસાદના કારણે ૧૫થી વધુ મકાનો ધરાશાયી થયા છે.

# બસપાથી કોંગ્રેસમાં આવેલા છ ધારાસભ્યો ગહલોતથી નારાજ, મંત્રી બનાવવાનું વચન પુરૂ કરાયું નથી



**સચિન પાયલોટે વિદ્રોહ કર્યો હતો ત્યારે મીણા તેમની સાથે માનેસર ગયા હતાં તેમને કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા છે.**

જયપુર,તા.૨૮

રાજસ્થાનની રાજનીતિમાં ફરીથી હલચલ જોવા મળી રહી છે.બસપા છોડી કોંગ્રેસમાં આવેલ છ ધારાસભ્યો મુખ્યમંત્રી અશોક ગહલોતથી નારાજ છે.તેમનું કહેવુ છે કે ગહલોતે તમામને મંત્રી બનાવવાનું વચન આપ્યું હતું પરંતુ પુરૂ થયું નથી ફકત રાજેન્દ્ર સિંહ ગુઢ્ઢાને જ મંત્રી બનાવવામાં આવ્યા છે.બે ધારાસભ્યોને સરકારમાં કોઈ જગ્યા મળી નથી જયારે બે ધારાસભ્ય લાખન સિંહ અને જોગિંદર સિંહ અવાનાને રાજનીતિક પોસ્ટ તો મળી પરંતુ સુવિધા નહીં

રાજસ્થાનના મિનિસ્ટર ઓફ સ્ટેટ ફોર સૈનિક કલ્યાણ પંચાયતી રાજ રૂરલ ડેવલપમેંટ અને હોમગાર્ડ મંત્રી રાજેન્દ્ર સિંહ ગુઢ્ઢાનું કહેવું છે કે ગહલોતે જે વચન આપ્યું હતું તેઓ તેના પર ખરા ઉતર્યા નથી ૨૦૦૯માં પણ તે લોકોએ કોંગ્રેસને સમર્થન આપ્યું હતું ત્યારે છમાંથી ત્રણ ધારાસભ્યોને મંત્રી બનાવવામાં આવ્યા હતાં જયારે ત્રણને સંસદીય સચિવ

ગુઢ્ઢાનું દર્દ એ પણ છે કે ૨૦૦૯માં જયારે તેમણે બસપાથી બળવો કર્યો ત્યારે તે વિધાનસભા પક્ષના નેતા હતાં જયારે રમેશ મીણા બસપાના ધારાસભ્ય.આજે રમેશ મીણાને કેબિનેટ મંત્રીનો દરજજો હાંસલ છે જયારે તેઓ તેમના જ વિભાગમાં રાજયમંત્રીનું કામ જોઈ રહ્યાં છે તેમણે કહ્યું કે જયારે સચિન પાયલોટે વિદ્રોહ કર્યો હતો ત્યારે મીણા તેમની સાથે માનેસર ગયા હતાં તેમનો કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા છે.જયારે હું જયપુરમાં રહી ગહલોત સરકારને સ્થિર બનાવવામાં લાગ્યો હતો પરંતુ રાજયમંત્રી બની ગયો.તેમણે કહ્યું કે ગહલોત સાહેબે જે વાતો કહી હતી તે વાતો લાગુ તો થઈ શકી નથી

તેમનું કહેવુ છે કે તે કોંગ્રેસ કલ્ચરથી નથી તે બસપાની ટિકિટ પર જીત્યા હતાં પરંતુ કોંગ્રેસના તમામ છ ધારાસભ્યોને રાજનીતિક પોસ્ટિંગ આપવાની સાથે ધારાસભ્યની ટિકિટ આપવાનું પણ વચન આપવામાં આવ્યું હતુ હાલ તમામની અંદર અસુરક્ષાની ભાવના છે.

એ યાદ રહે કે ૨૦૧૯માં બસપાના તમામ છ ધારાસભ્યોએ પોતાની પાર્ટીના રાજયમાં સત્તારૂઢ કોંગ્રેસમાં વિલય કરવા માટે એક પક્ષ રાજસ્થાન વિધાનસભા અધ્યક્ષને સોંપ્યો હતો પત્રમાં ધારાસભ્યોએ કહ્યું હતું કે તે પોતાની પાર્ટીનું કોંગ્રેસમાં વિલય કરી રહ્યાં છે.બસપાના છ ધારાસભ્યો રાજેન્દ્ર સિંહ ગુઢ્ઢા,જોગેન્દ્ર સિંહ અવાના, વાજિબ અલી,લખનસિંહ મીણા,સંદીપ યાદવ અને દીપચંદ સામેલ હતાં.૨૦૦૯માં પણ અશોક ગહલોતના પહેલા કાર્યકાળ દરમિયાન બસપાના તમામ છ ધારાસભ્યોના કોંગ્રેસમાં સામેલ થવા પર તે સમયની કોંગ્રેસ સરકારને સ્થિરતા મળી હતી ત્યારે સરકારની પાસે બહુમતિથી પાંચ બેઠકો ઓછી હતાં રાજેન્દ્રસિંગ ગુઢ્ઢા ત્યારે પણ બસપા ધારાસભ્યોમાં સામેલ હતાં.

# મંકીપોક્સએ યુરોપ અને અમેરિકામાં મચાવી પાયમાલી, નોધાયા વિશ્વના ૯૫ ટકા કેસ



વોશિંગ્ટન,તા.૨૮

મંકીપોક્સ આ દિવસોમાં દુનિયામાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. તે અત્યાર સુધીમાં ૭૮ થી વધુ દેશોમાં સામે આવી ચુક્યું છે. આ દેશોમાં ૧૮૦૦૦ થી વધુ પુષ્ટિ થયેલા કેસ નોંધાયા છે. દરમિયાન, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનએ દાવો કર્યો છે કે મંકીપોક્સ અમેરિકા અને યુરોપમાં સૌથી વધુ પાયમાલી મચાવી છે. આ બે પ્રદેશોમાં વિશ્વના કુલ કેસમાંથી ૯૫ ટકા કેસ નોંધાયા છે. અમેરિકામાં મંકીપોક્સના ૭૦ ટકા કેસ છે, જ્યારે યુરોપમાં તેના ૨૫ ટકા કેસ નોંધાયા છે.મંકીપોક્સના મામલાઓને લગતી માહિતી વિશ્વ આરોગ્ય સંસ્થાના મહાનિર્દેશક ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયેસસ દ્વારા આપવામાં આવી છે. તેમણે બુધવારે સલાહ આપી હતી કે જે પુરૂષોને મંકીપોક્સ થવાનું જોખમ હોય તેઓએ હાલ માટે જાતીય ભાગીદારોની સંખ્યા મર્યાદિત કરવાનું વિચારવું જોઈએ. યુનાઈટેડ નેશન્સ એજન્સી ડબ્લ્યુએચઓએ તાજેતરમાં ઘણા દેશોમાં મંકીપોક્સના વધતા પ્રકોપને ધ્યાનમાં રાખીને વૈશ્વિક કટોકટી જાહેર કરી છે.ડબ્લ્યુએચઓના વડાએ કહ્યું, 'જે પુરૂષો સાથે સેક્સ કરે છે તેમણે પોતાના અને અન્ય લોકો માટે સુરક્ષિત પસંદગી કરવી જોઈએ. આમાં હાલના સમય માટે જાતીય ભાગીદારોની સંખ્યા ઘટાડવાનો સમાવેશ થાય છે.' ટેડ્રોસે કહ્યું કે ચેપગ્રસ્ત વ્યક્તિઓને અલગ રાખવા જોઈએ, શારીરિક સંપર્ક સાથે સંકળાયેલા મેળાવડા ટાળવા જોઈએ. તેમણે એમ પણ કહ્યું છે કે જેમ આપણે કોવિડ-૧૯ના કિસ્સામાં જોયું છે, સોશિયલ મીડિયા પર તેનાથી સંબંધિત ખોટી માહિતી ઝડપથી ફેલાઈ રહી છે. આવી સ્થિતિમાં, અમે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ટેક કંપનીઓ અને સમાચાર સંસ્થાઓને મંકીપોક્સ સંબંધિત ખોટી માહિતીને રોકવા માટે આ બાબતે અમારી સાથે કામ કરવા માટે કહીશું.

# મહારાષ્ટ્રમાં ઉદ્ધવનો સાથ છોડનારા ધારાસભ્યોના ઇડી કેસ ખતમ થઇ ગયા : પ્રિયંકા ચતુર્વેદી

મુંબઈ,તા.૨૮

કોંગ્રેસના અધ્યક્ષ સોનિયા ગાંધી,રાહુલ ગાંધી સહિત વિરોધ પક્ષના અનેક નેતાઓની વિરૂધ્ધ ઈડીની કાર્યવાહી અને પુછપરછને લઈ શિવસેનાના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ ભારે પ્રહારો કર્યા છે.તેમણે કહ્યું કે મહારાષ્ટ્રમાં ઉદ્ધવનો સાથ છોડનારા ધારાસભ્યોના ઈડી કેસ ખતમ થઈ ગયા છે.સત્તા પક્ષમાં જવા પર તમામ આરોપ માફ થઈ જાય છે.પ્રિયંકાએ કહ્યું કે ઈડી જે રીતે વિરોધ પક્ષોના નેતાઓ પર સક્રિય છે અને તેમને નોટીસ પર નોટીસ મોકલી બોલાવી રહી છે તેનાથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે આ ઈન્ફોર્સમેંટ ડિપાર્ટમેંટથી એરસટેંડેડ ડિપાર્ટમેંટ ઓફ ભાજપ થઈ ગયું છે.તેમણે કહ્યું કે વિરોધ પક્ષના તમામ નેતાઓ પર ઈડી હાવી છે પરંતુ સત્તા પક્ષના ઈસારે તમામ લોકો વિરોધ પક્ષને સત્તા પક્ષમાં ગયા અને તાજેતરમાં મહારાષ્ટ્ર એક ઉદાહરણ છે જે



ધારાસભ્યની ઉપર ઈડીની નોટીસ હતી જેવા જ તેમણે પક્ષ પલ્ટો કર્યો તેમનું ગંગા સ્નાન થઈ ગયું અને ઈડીના કેસ ખતમ થઈ ગયા આ રીતે પોલિટિકલ બેસિસ પર નિર્ણય લેવા,ઈડીની નોટીસ મોકલવી દુર્ભાગ્યપૂર્ણ છે. એ યાદ રહે કે જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લાની વિરૂધ્ધ ઈડીએ જમ્મુ એન્ડ કાશ્મીર ક્રિકેટ એસોસિએશન કૌભાંડમાં ચાર્જશીટ દાખલ કરી છે. ૮૪ વર્ષના અબ્દુલ્લા પર મની લોન્ડ્રીંગનો આરોપ છે.જયારે કહેવાત શિક્ષા કૌભાંડમાં બંગાળના મંત્રી અને પૂર્વ શિક્ષણ મંત્રી પાર્થ ચેટર્જી અને તેમના નજીકના અર્પિતા મુખર્જીને પણ ઈડીએ હિરાસતમાં લીધા છે. જયારે ટીએમસીના ધારાસભ્ય માનિક ભટ્ટાચાર્યને સમન્સ મોકલ્યું છે. વિરોધ પક્ષોના નેતાઓની વિરૂધ્ધ એક પછી એક ઈડીની સતત કાર્યવાહીથી તમામ પક્ષોના નેતાઓમાં સત્તા પક્ષની વિરૂધ્ધ ભારે આક્રોશ છે નેતાઓએ મોદી સરકારને તાનાશાહ પણ ગણાવી દીધી છે.

**અખિલેશની નવી મુશ્કેલી વિધાન પરિષદની બે બેઠકો : આ બંન્ને બેઠકો પર ભાજપની જીત નક્કી છે**

લખનૌ,તા.૨૮

ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવની મુશ્કેલીઓ વધી રહી છે.પહેલા યુપી વિધાનસભામાં તેમની પાર્ટીને બહુમતિ ન મળતા સત્તામાંથી દુર થવું પડયું ત્યારબાદ આઝમગઢ અને રામપુર લોકસભાની પેટાચુંટણીમાં પાર્ટીને હારનો સામનો કરવો પડયો હવે તેમના માટે નવી મુશ્કેલી વિધાન પરિષદની બે બેઠકો માટેની પેટાચુંટણી છે.

આ બે બેઠકો પર ભાજપની જીત નક્કી છે.કહેવાય છે કે બંન્ને બેઠકો પર જીત માટે જેટલા મતની જરૂરત છે સપા પાસે તેટલા ધારાસભ્યો જ નથી આવામાં સપા જો ઉમેદવાર ઉતારશે તો અહીં પણ તેને હારનો સામનો કરવો પડશે જો નહીં ઉતારે તો મેદાનમાં નહીં ઉતરવાનો અને યોગી સરકાર માટે રસ્તો સ્પષ્ટ કરવાની ટીકાનો સામનો કરવો પડશે આથી આ ચુંટણીમાં અખિલેશનો નિર્ણય સપાના ગળાનું હાડકુ બની જશે.

## ‘ભારતમાં શિક્ષણ જેહાદ ?’ આ વિષય પર ‘ઑનલાઈન’ વિશેષ સંવાદ



પહેલાં ભારતમાં ગુરુકુળ શિક્ષણપદ્ધતિ હતી. તે તોડી પાડવા માટે સ્વતંત્રતા પહેલાં જ ગાંધીજીના પ્રોત્સાહનથી દેશની શિક્ષણવ્યવસ્થાનું ઈસ્લામીકરણ ચાલુ થયું. ત્યારથી શાળાના પાઠ્યપુસ્તકોમાં અકબર, ટીપૂ સુલતાન ઈત્યાદિ મુસલમાન આક્રમકોના પાઠ ભણાવવામાં આવવા લાગ્યા. તે આજસુધી ચાલુ જ છે. સરવાળે જોતાં ‘સેક્યુલર’ શબ્દની આડમાં શિક્ષણ ક્ષેત્રનું ઈસ્લામીકરણ ચાલુ છે. આ શિક્ષણ જેહાદ જ છે. જ્યાં સુધી ભારત બંધારણીય દૃષ્ટિએ હિંદુ રાષ્ટ્ર બનશે નહીં, ત્યાં સુધી દેશના શિક્ષણ સહિત સર્વ જ ક્ષેત્રોમાં ઈસ્લામીકરણ ચાલુ જ રહેશે, એવું સ્પષ્ટ પ્રતિપાદન ઝારખંડ ખાતેના ‘તરુણ હિંદુ’ના સંસ્થાપક ડૉ. નીલ માધવ દાસે કર્યું છે. તેઓ હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત ‘ભારતમાં શિક્ષણ જેહાદ ?’ આ ‘ઑનલાઈન’ વિશેષ સંવાદમાં બોલી રહ્યા હતા.

ઝારખંડ ખાતેના ‘પાંચજન્ય’ના પત્રકાર શ્રી. રિતેશ કશ્યપે કહ્યું કે, ઝારખંડ રાજ્યમાં રાજધાની રાંચી સાથે જ દુમકા, જામતાડા, ગઢવા, પલામુ, પાકૂર, બોકારો ઈત્યાદિ જિલ્લાઓમાં સરકારી શાળાઓને રવિવારને બદલે શુક્રવારે રજા આપવી, હિંદીને બદલે ઉર્દૂને પ્રાધાન્ય આપવું, આ બાબતો સામાજિક માધ્યમો તેમજ પ્રસારમાધ્યમો દ્વારા ઉજાગર થઈ. સરકારી આદેશ વિના કેવળ સંખ્યબળના આધાર પર મુસલમાનો દ્વારા સેંકડો શાળાઓમાં ગત ૧૦ થી ૨૫ વર્ષથી આનો અમલ થઈ રહ્યો છે. મુસલમાનોની ચાપલૂસી કરવા માટે જ આ બધું ચાલી રહ્યું છે. ઝારખંડ સહિત બિહાર અને બંગાળમાં પણ અનેક શાળાઓમાં આ ચાલુ છે; પરંતુ આ વિશેના સમાચાર લોકો સુધી પહોંચ્યા નથી.

હિંદુ જનજાગૃતિ સમિતિના ઉત્તર પ્રદેશ અને બિહાર રાજ્ય સમન્વયક શ્રી. વિશ્વનાથ કુલકર્ણીએ કહ્યું કે, આપણો દેશ સ્વતંત્ર થયા પછી મોટાભાગના શિક્ષણમંત્રી મુસલમાન અથવા તો મુસલમાનોને ટેકો આપનારા હતા. તેથી શિક્ષણમાં ભૂલભરેલી બાબતો શીખવવામાં આવી. એન.સી.ઈ.આર.ટી.ના પુસ્તકોમાં આક્રમક મોગલોનું ઉદાત્તીકરણ કરવા માટે ઘણા પૃષ્ઠો વ્યય કરવામાં આવ્યા છે. એન.સી.ઈ.આર.ટી.ના ૫ મા ધોરણના અંગ્રેજીના પુસ્તકમાં ‘ધ લીટલ બુલી’ આ પાઠમાં ‘હરિ’ નામનો વિદ્યાર્થી છોકરીની છેડ કાઢતો, જ્યારે ‘અબ્દુલ’ નામનો વિદ્યાર્થી સારાં કામો કરનારો બતાવ્યો છે. આમાંથી વામપંથી લોકોએ રીતસર હિંદુ ધર્મ વિશે દ્વેષ ફેલાવવાનું કામ કર્યું છે. બાલભારતીના પુસ્તકમાં પણ ‘અફઝલખાનવધ’નું ચિત્ર નથી; પણ ‘ઈદગાહ’ પાઠ શીખવવામાં આવે છે. ગોવાના એક પાઠ્યપુસ્તકમાં બાર્દેશ પ્રાંતમાં છત્રપતિ શિવાજી મહારાજે ત્રણ દિવસ આક્રમણ કરીને જનતા પર અત્યાચાર કર્યા, એવો જૂઠો ઈતિહાસ શીખવવામાં આવી રહ્યો હતો. સરવાળે જોતાં વાલીઓએ જાગૃત થઈને બાળકોને પાઠ્યક્રમમાં બરાબર શું શીખવવામાં આવી રહ્યું છે, તે પણ તપાસવું જોઈએ.

આપનો નમ્ર,
શ્રી. રમેશ શિંદે
રાષ્ટ્રીય પ્રવક્તા, હિંદુ જનજાગૃતિ સમિતિ
સંપર્ક : ૯૯૮૭૯૬૬૬૬૬

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



*NOG* : સાહિત્ય સરિતા
*NOG* : નંબર -૧૨૦
‘શબ્દ’ : દેશ-વિદેશમાં ગુજરાતીઓનો દબદબો.
કૃતિ : ગદ્ય
શિર્ષક :-- વિદેશમાં વતન.
વિદેશમાં વતન

સાંપ્રત સમયમાં વિદેશ વસવાટ કરવાનો અને અધિક ધનવાન બની દ્રઈ બનાવાનો સૌના મનમાં મનસુબો ઘૂંટાયા કરતો હોય છે.

પરદેશ જઈ, વિદેશમાં વસવાટ કરનારા સૌ ભારતીયો અને એમાંય ખાસ કરીને ગુજરાતીઓનો ભારે દબદબો રહ્યો છે,કેમકે પરદેશાગમન બાદ પશ્ચિમી સંસ્કૃતિને અનુસરવાને બદલે ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરી આપણી પ્રણાલીને સ્થાપિત કરવા માટે સૌ ભારતીયો ગૌરવ અને ગરિમા અનુભવે છે. એક ગુજરાતી અનેકને ગુજરાતીની અમૂલ્ય ભેટ ધરતો હોય છે. ત્યાંની ભૂમિ પર નવરાત્રી મહોત્સવ,ગણેશ મહોત્સવ, દેવી માતા અને સ્વામી નારાયણનાં ભવ્ય મંદિરોનું નિર્માણ પણ થયું છે.

ત્યાંના સ્થાનિક વિદેશીઓ પણ ગરબે ઘૂમતા થયા છે, એથી મારી છાતી ગજ ગજ ફૂલે છે. સૌ ગુજરાતી ભાઈ બહેનોને મારા લાખ- લાખ અભિનંદન છેકે એમણે વિદેશમાં પણ આપણા ભવ્ય વારસાને ઉજાગર કરી જીવંત રાખ્યો છે.

મારા એક સંબંધીનો દિકરો ઓસ્ટ્રેલિયામાં રહે છે,તેના લગ્નની તમામ સરભરા આપણા ગુજરાતી ભાઈ-બહેનોએ લગ્ન વધાવીને ગણેશ સ્થાપન કરી ગણેશ જી બેસાડ્યા, ત્યારબાદ ગુજરાતી લગ્નગીતો ગાઈને લગ્નટાણુ વિદેશની ધરતી પર ગુજરાતી સંસ્કૃતીમય બનાવી દીધું અને સંપૂર્ણ હિન્દુ વિધી મુજબ લગ્ન કરાવી આપ્યા. એ દિકરાના કોઈ સગા સંબંધીઓ ન્હોતા છતાં કોઈ જાતિભેદ રાખ્યા વગર રંગેચંગે લગ્ન કરાવ્યા,આ જ આપણા ગુજરાતીઓનું ખરુ ગુર્જર પણું અને ખરી ઓળખ છે, જેમણે વિદેશને જ વતન બનાવી દીધું છે, એવા વિદેશમાં વસતા તમામ ગુજરાતી ભાઈ બહેનોને મારા હૃદયના ઉંડાણ ભર્યા વંદન સહ અભિનંદન પાઠવું છું.

(જય જય ગરવી ગુજરાત)
રમીલાબેન ડી મકવાણા રમા
લાહુલા તા ભાભર
જિ બનાસકાંઠા
(ગુજરાત)

--------------------------------------------

NOG S S N0 : 0089
વિષય : દેશ વિદેશમાં દબદબો
શીર્ષક : મોરના ઈંડા
પ્રવિણા કડકિયા

તમે મોર જોયો છે? તેના ઈંડા જોયા છે ?

બસ આવી જ કોઈ વાત ભારતીય જનતાની વિદેશોમાં છે.

આપણી સંસ્કૃતિ , આપણા સંસ્કાર લઈ વિદેશમાં સ્થાયી થયેલી વ્યક્તિ છે.

આપણે મહેનતુ પ્રજા છીએ. હોંશ અને ઉમંગથી ભરપૂર હોવાનો કારણે ભલે વતન છોડ્યું. વતનના નામને રોશન કરવાની ઠાની.કુટુંબને મહત્વ આપનાર ભારતીય બાળકોને પ્રેમથી ઉછેરી મહત્વાકાંક્ષી બનાવ્યા.

બુદ્ધિ અને પ્રતિભાનો ડંકો વગાડ્યો. સમગ્ર વિશ્વમાં નામ રોશન કર્યું . કેનો પુરાવો નજર સમક્ષ જણાય છે. દબદબા ભર્યું જીવન છતાં વતન પ્રત્યે નો પ્રેમ શું સૂચવે છે? પૂર્વ અને પશ્ચિમ નું સુભગ મિલન. બંને દેશની ભવ્યતા અપનાવી.

આપણી રહેણીકરણીને આદર પૂર્વક સાચવી, તેમના પોશાક અને સભ્યતા કેળવ્યા.

ટેકનોલોજી એ દેશ સાથે માયા અને મમતા જોડ્યા. આપણો જુવાન વર્ગ હવે પશ્ચિમની નજદીક આવ્યો. આપણું ગૌરવ અને ઈતિહાસથી તેમને વાકેફ કર્યા. તેમને આપણા દેશ તરફ આકર્ષ્યા . “યોગ” નો પ્રચાર થયો.

આદર , ઈજ્જત અને સંમાન પામ્યા. જન્મભૂમિ અને કર્મ ભૂમિ એક સૂત્રમાં પરોવ્યા.

મહેનત કરી એનાં શંકાને સ્થાન નથી. “ગીતા” ના ઉપદેશનો અનુભવ થયો. કર્મ કર્યા ફળ પામ્યા.

બસ પલભરનો પણ અફસોસ નથી . બંને જહાનથી જોડાયેલા છીએ. અમારો પીંછી કે રંગની જરુર નથી.

પ્રવિણા કડકિયા..હ્યુસ્ટન

### દેશની ટોપ ૧૦ ધનિક મહિલાઓમાં બે ગુજરાતી
## ભારતમાં ટોચની ૧૦૦ સૌથી ધનવાન મહિલાઓમાં ૧૨ દવા ક્ષેત્રમાંથી, ૧૧ હેલ્થકેર ક્ષેત્ર ક્ષેત્રમાંથી
### રોશની નાદર મલ્હોત્રા ભારતીની સૌથી અમીર મહિલા

મુંબઇ,

દેશની ટોપ ૧૦ ધનિક મહિલાઓમાં બે ગુજરાતી મહિલાઓ સામેલ છે.જયારે રોશની નાદર મલ્હોત્રા ભારતીની સૌથી અમીર મહિલા છે. તેમની સંપત્તિ ૮૪.૩૩૦ કરોડ રૂપિયા છે. ગત વર્ષે તેમની સંપત્તિમાં ૫૪ ટકાનો વધારો નોંધાયો છે. રોશની બાદ ભારતની બીજી સૌથી અમીર મહિલા ગુજરાતી છે, જેમનું નામ ફાલ્ગુની નાયર છે. રોશની નાદર મલ્હોત્રાની સંપત્તિ ફાલ્ગુની નાયર કરતાં ૨૬ હજાર કરોડથી વધુ છે.

કોટક પ્રાઈવેટ બેકિંગ-હુરૂન યાદીના અનુસાર એચસીએલ ટેક્નોલોજીની ચેરપર્સન રોશની નાદર મલ્હોત્રા ભારતની સૌથી ધનવાન મહિલા બની ગઇ છે. રોશની નાદર મલ્હોત્રા (૪૦) એચસીએલ ટેક્નોલોઝીઝના સંસ્થાપક શિવ નાદરની પુત્રી છે. રોશની ભારતમાં કોઇ આઇટી કંપનીની કમાન સંભાળનાર પ્રથમ મહિલા છે. વર્ષ ૨૦૧૯માં રોશની ફોર્બ્સની દુનિયાની ૧૦૦ શક્તિશાળી મહિલાઓની યાદીમાં ૫૪મા નંબર પર રહી છે. જાહેર કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર ૫૯ વર્ષની ફાલ્ગુની નાયરની સંપત્તિમાં વર્ષ ૨૦૨૧ દરમિયાન ૯૬૩ ટકાનો વધારો થયો છે. તે ભારતી બીજા નંબરની ધનિક મહિલા બની છે. ઈન્વેસ્ટમેન્ટ બેકિંગની જોબ છોડીને લગભગ એક દાયકા પહેલાં સૌદર્ય બ્રાંડ નાયકા શરૂ કરનાર ફાલ્ગુની નાયર ૫૭,૫૨૦ કરોડ રૂપિયાની કુલ સંપત્તિ સાથે જાત મહેનતે ધનિક બનેલી મહિલાઓમાં સૌથી આગળ છે. મુંબઈમાં ઉછરેલાં ફાલ્ગુની મહેતા લગ્ન બાદ ફાલ્ગુની નાયર બન્યાં હતાં. ફાલ્ગુની નાયરનાં દાદી કમળાબેન, દાદા રતિલાલ મહેતાની હવેલી આજે પણ મોરબીના હળવદમાં છે. ફાલ્ગુનીએ મુંબઇ યુનિવર્સિટીમાંથી બી.કોમ.માં ગ્રેજ્યુએટ થયા બાદ અમદાવાદ આઈઆઈએમમાંથી એમબીએ કર્યું હતું. ૧૯૮૭ના મે મહિનામાં ફાલ્ગુનીએ સંજય નાયર સાથે લગ્ન કર્યાં હતાં. તેમને એક દીકરો અંકિત અને એક દીકરી અદ્રિતા છે. બંને સંતાનો પણ નાયકામાં માતા સાથે કામ કરી રહ્યાં છે. સંજય સાથે ફાલ્ગુનીની મુલાકાત અમદાવાદ આઈઆઈએમમાં જ થઇ હતી. ફાલ્ગુનીના પિતા બેરિંગ કંપની ચલાવતા હતા. બેક્રની મોટા પગારની નોકરી છોડી ૨૦૧૨માં નાયકા કંપની શરૂ કરી હતી.





બાયોકોનની કિરણ મજૂમદાર-શોની કુલ સંપત્તિ ૨૧ ટકા ઘટીને ૨૯,૦૩૦ કરોડ રૂપિયા રહી ગઇ છે. તે દેશની ત્રીજી સૌથી ધનિક મહિલા છે. કોટક પ્રાવિએટ બેકિંગ હુરૂન યાદીમાં ૧૦૦ એવી મહિલાઓમાં સામેલ કરવામાં આવી હતી, જે ભારતમાં જન્મી અથવા ઉછેર થયો છે અને સક્રિય રૂપથી પોતાના વ્યવસાયોની સંચાલન કરી રહી છે. રૂ. ૩૮૩૦ કરોડની સંપત્તિ સાથે એસ્ટ્રલ કંપનીની જાગૃતિ સંદીપ એન્જિનિયર ૧૭મા રેક્ર પર છે. તેમની સંપત્તિમાં ૧૪૯ ટકાનો વધારો નોંધાયો છે. જયારે રૂ. ૪૫૦ કરોડની સંપત્તિ સાથે અનુપમ રસાયણ ઈન્ડિયા કંપનીનાં મોના આનંદ દેસાઈ ૮૧મા રેક્ર પર છે. તેમની સંપત્તિમાં ૨૯ ટકાનો વધારો થયો છે.

આ યાદીમાં સામેલ ૧૦૦ મહિઓલાઓની કુલ સંપત્તિ ૨૦૨૧ માં ૫૩ ટકાથી વધીને ૪.૧૬ લાખ કરોડ રૂપિયા થઇ ગઇ છે. જે ૨૦૨૦ માં ૨.૭૨ કરોડ રૂપિયા હતી. આ મહિલાઓ ભારતના જીડીપીમાં બે ટકાનું યોગદાન કરે છે. યાદીમાં સૌથી વધુ દિલ્હી-એનસીઆરની ૨૫ મહિલાઓ છે. ત્યારબાદ મુંબઇ (૨૧) અને હૈદ્રાબાદ (૧૨)નું સ્થાન છે. ઉદ્યોગોની વાત કરીએ તો ભારતમાં ટોચની ૧૦૦ સૌથી ધનવાન મહિલાઓમાં ૧૨ દવા ક્ષેત્રમાંથી, ૧૧ હેલ્થકેર ક્ષેત્ર ક્ષેત્રમાંથી અને ૯ કન્ઝ્યુમર ગુડ્સ સેક્ટરમાંથી છે. અપોલો હોસ્પિટલ્સ એન્ટરપ્રાઇઝની ચાર મહિલાઓએ આ યાદીમાં જગ્યા બનાવી છે. ભોપાલ સ્થિત જેટસેટગોની કનિકા ટેકરીવાલ (૩૩ વર્ષ) આ યાદીમાં સૌથી નાની ઉંમરની મહિલા છે. આ યાદીમાં ત્રણ પ્રોફેશનલ મેનેજર- પેપ્સિકો સાથે જોડાયેલી ઈન્દીરા નૂયી, એચડીએફસીની રેણુ સૂદ કર્નાડ અને કોટક મહિન્દ્રા બેંકની શાંતિ એકંબરમ પણ સામેલ છે.

## માત્ર એક રોટલી માટે દિલ્હીમાં રિક્ષા ચાલકની હત્યા, આરોપીની ધરપકડ



નવીદિલ્હી,તા.૨૮

દિલ્હીમાં માત્ર એક રોટલી માટે રિક્ષા ચાલકની હત્યા કરી દેવામાં આવી છે. નોંધનીય છે કે દિલ્હી પોલીસને કરોલબાગ વિસ્તારમાં ૨૬ જુલાઈએ એક વ્યક્તિ લોહીલુહાણ સ્થિતિમાં મળ્યો હતો, જેનું હોસ્પિટલ પહોંચતા પહેલા રસ્તામાં મોત થઈ ગયું હતું.

આ વ્યક્તિની ઓળખ મુન્ના તરીકે થઈ છે. મુન્નાને ચાકુના ઘા મારવામાં આવ્યા હતા. આગ્રાનો રહેવાસી મુન્નો દિલ્હીમાં રિક્ષા ચલાવી પોતાનું ગુજરાન ચલાવતો હતો. હત્યાના પ્રત્યક્ષદર્શી પ્રમાણે મંગળવાર (૨૬ જુલાઈ) ના રાત્રે ૧૦ કલાક આસપાસ મુન્ના (રિક્ષા ચાલક) પોતાના સાથીની સાથે વિષ્ણુ મંદિર માર્ગ કરોલ બાગમાં ભોજન કરવા આવ્યો હતો અને ત્યાં બંનેએ પોતાની રિક્ષા ઉભી રાખી હતી.

આ દરમિયાન નશાની હાલતમાં એક વ્યક્તિ ત્યાં આવ્યો અને તેણે ખાવાનું માંગ્યું. મૃતકે તેને પોતાના ભોજનના પેકેટમાંથી એક રોટલી આપી, ત્યારબાદ આરોપીએ ફરી એક રોટલી માંગી તો મૃતકે તેને આપવાનો ઈનકાર કરી દીધો હતો.

આરોપી નશાની હાલતમાં હતો તો તેણે રાડો પાડી ગાળો આપવાનું શરૂ કરી દીધું. જ્યારે મૃતકે તેનો વિરોધ કર્યો તો આરોપીએ એક લાંબો ધારદાર ચાકુ જેવું હથિયાર કાઢ્યુ અને મૃતકના પેટ પર વાર કર્યો.

ત્યારબાદ આરોપી કરોલબાગ તરફ ભાગી ગયો. ૪૦૦-૫૦૦ મીટર સુધી તેનો પીછો કરવામાં આવ્યો પરંતુ તે નાશી છૂટ્યો. ત્યાં હાજર લોકોએ ઈજાગ્રસ્ત રિક્ષા ચાલકને આરએમએલ હોસ્પિટલ પહોંચાડ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

કરોલ બાગ એક વ્યાપારિક કેન્દ્ર છે અને ઘણા મજૂર અને નિરાધાર લોકો રસ્તા કિનારે પાર્કમાં હાજર હતા. પોલીસે રસ્તા કિનારે અને પાર્ક ક્ષેત્રમાં રહેતા બધા મજૂરો અને શંકાસ્પદોની તપાસ શરૂ કરી અને સ્કેનિંગ કરવામાં આવ્યું. પોલીસની મહેનત રંગ લાવી.

## પંજાબ પોલીસે પાકિસ્તાની ડ્રોનમાંથી પડતું ૫ કિલો હેરોઈન જપ્ત કર્યું

અમૃતસર,તા.૨૮

પંજાબમાં એક તરફ રાજ્ય પોલીસ સતત નશાની લતને કાબુમાં લેવાના પ્રયાસો કરીને યુવાનોને તેની જાળમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કરી રહી છે.

દરમિયાન, પાકિસ્તાન તેની નાપાક હરકતોથી બચતું નથી. હકીકતમાં, તાજેતરના કિસ્સામાં, પંજાબના અમૃતસરમાં પાકિસ્તાની ડ્રોનમાંથી પાંચ કિલોગ્રામ હેરોઈન છોડવામાં આવ્યું હતું, જેને પંજાબ પોલીસે જપ્ત કર્યું હતું.

મળતી માહિતી મુજબ, પંજાબના અમૃતસરમાં ભારત-પાકિસ્તાન બોર્ડર પાસે સ્થિત નેષ્ટા ગામમાં પાકિસ્તાન તરફથી ડ્રોન દ્વારા ડ્રગ છોડવામાં આવ્યું હતું. જ્યારે સરહદને અડીને આવેલા વિસ્તારમાં ડ્રોન જોવા મળ્યાના સમાચાર મળ્યા પછી પોલીસે સર્ચ ઓપરેશન શરૂ કર્યું, ત્યારે તેમને શાળાના મેદાનમાં હેરોઈનથી ભરેલા પાંચ પેકેટ મળ્યા.

પોલીસે માહિતી આપી છે કે, બુધવારે અમૃતસરમાં પાકિસ્તાનથી ડ્રોનમાંથી છોડવામાં આવેલ પાંચ કિલોગ્રામ હેરોઈન જપ્ત કરવામાં આવ્યું છે. આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## અર્પિતા મુખરજીના બેલઘરિયા સ્થિત એક ફ્લેટમાંથી ઈડીને લગભગ ૨૯ કરોડકેશ અને ૫ કિલો સોનું મળી આવ્યું

કોલકતા,તા.૨૮

ઈડીએ શિક્ષક ભરતી કૌભાંડમાં કોલકાતાની આજુબાજુ ત્રણ ઠેકાણે દરોડા પાડ્યા. આ દરમિયાન અર્પિતા મુખરજીના બેલઘરિયા સ્થિત એક ફ્લેટમાંથી ઈડીને લગભગ ૨૯ કરોડ (૨૮.૯૦) કેશ અને ૫ કિલો સોનું મળી આવ્યું. ઈડીની ટીમને આ પૈસા ગણતા લગભગ ૧૦ કલાક જેટલો સમય લાગ્યો.

ચોંકાવનારી વાત એ છે કે આ બધા પૈસા અર્પિતાએ ફ્લેટના ટોઈલેટમાં રાખ્યા હતા.

ઈડીના સૂત્રોના જણાવ્યા મુજબ જેલમાં અર્પિતા મુખર્જીની રાત મુશ્કેલથી પસાર થઈ રહી છે. એકબાજુ પાર્થ ચેટર્જી ઊંઘની ગોળીઓથી કામ ચલાવે છે ત્યાં અર્પિતા મોટાભાગે જેલમાં રડી રડીને સમય પસાર કરી રહી છે. આ બધા વચ્ચે બંનેની લાઈફસ્ટાઈલ અંગે પણ મોટી વાત સામે આવી છે. અર્પિતા સરખું જમતી પણ નથી. ખુબ તણાવમાં જોવા મળી રહી છે.





ઈડીને અર્પિતાના ફ્લેટમાંથી ૨૧ કરોડ રૂપિયા કેશ અને ખુબ જ કિંમતી સામાન મળી આવ્યો હતો. ઈડીએ અર્પિતાની ૨૩ જુલાઈએ ધરપકડ કરી હતી. ઈડીની આ કાર્યવાહી બાદ વિપક્ષી પાર્ટીઓ ટીએમસી પર પાર્થ ચેટર્જીને કેબિનેટમાંથી બહાર કાઢવાની માંગણી કરી રહી છે.

બીજી બાજુ આ કૌભાંડમાં મની ટ્રેલની તપાસ કરી રહેલી ઈડીએ પશ્ચિમ બંગાળ માધ્યમિક શિક્ષણ બોર્ડના પૂર્વ અધ્યક્ષ ટીએમસી ધારાસભ્ય માણિક ભટ્ટાચાર્યની પણ પૂછપરછ કરી.

ઈડીએ -સવારે દક્ષિણ કોલકાતાના રાજડાંગા અને બેલઘરિયામાં અનેક ઠેકાણે દરોડા પાડ્યા.

આ પ્રોપર્ટીઓ કથિત રીતે અર્પિતા મુખર્જીની છે. ઈડીની પૂછપરછમાં અર્પિતા મુખર્જીએ આ સંપત્તિઓનો ખુલાસો કર્યો હતો.

ઈડીએ આ ફ્લેટમાં ઘૂસવા માટે દરવાજો તોડવો પડ્યો હતો. કારણ કે તપાસ એજન્સીઓને ચાવી જ ન મળી.

ફ્લેટમાંથી એટલી કેશ મળી કે ગણવા માટે મશીન લાવવા પડ્યા હતા. મહત્વના દસ્તાવેજો પણ મળી આવ્યા છે.

## નેતાઓ અને સરકારી અધિકારીઓની વિરૂધ્ધ કેમેરાથી લઈ એપ્પલ વોચ સુધીનો પ્રયોગ કરી રહ્યાં છે
### પંજાબમાં ૨૩ માર્ચે ભ્રષ્ટ્રાચાર વિરોધી હેલ્પલાઈન લોન્ચ થયા બાદથી ૧૧ જુલાઈ સુધી ૨,૯૪,૬૭૦ની ફરિયાદો નોંધાઈ ચુકી છે

ચંડીગઢ,તા.૨૮

એપ્પલ વોચ,પેન કેમેરા અને મોબાઈલ ફોન ચાર્જરની અંદર લાગેલા કેમેરા જેવા સાધનોનો પ્રયોગ પંજાબમાં લોકો તરફથી નેતાઓ અને સરકારી અધિકારીઓના ભ્રષ્ટ્રાચારને જાહેર કરવા માટે કરવામાં આવી રહ્યો છે.આ તે ભ્રષ્ટ્રાચાર વિરોધી યોજનાનો હિસ્સો છે જેની જાહેરાત પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર બન્યા બાદ મુખ્યમંત્રી ભગવંત માને કરી હતી અને લોકોને અપીલ કરી હતી કે તે ભ્રષ્ટ્રાચાર કરનારા અધિકારીઓ કે પછી નેતાઓની વિરૂધ્ધ પુરાવા સીધા સરકારને મોકલે.

સુત્રોના જણાવ્યા અનુસાર મુખ્યમંત્રી ભગવંત માન તરફથી ભ્રષ્ટ્રાચાર વિરોધી હેલ્પલાઇન ૨૩ માર્ચને લોન્ચ કરવામાં આવ્યા બાદથી ૧૧ જુલાઇ સુધી ૨,૯૪,૬૭૦ ફરિયાદ નોધાઇ ચુકી છે જેમાંથી ૩,૭૫૧ ફરિયાદો થઇ ચુકી છે.જેમાંથી ૩,૭૫૧ ફરિયાદોની સાથે ઓડિયો અને વીડિયો રેકોર્ડિંગ મોકલવામાં આવી છે.આ ફરિયાદોમાંથી ૧,૮૬૨ સરકારના અલગ અલગ વિભાગોને લઇને છે.જયારે ૧૭૪૦ ફરિયાદોને અપ્રાસંગિક કે બિન વિશિષ્ટ જણાઇ છે.પંજાબ વિજિલેંસ બ્યુરોના મુખ્ય નિર્દેશક વરિંદર કુમારે કહ્યું કે અમે રાજ્ય સરકાર અને મુખ્યમંત્રીના જનાદેશનુ ંપાલન કરી રહ્યાં છીએ ભ્રષ્ટ્રચાર પ્રત્યે જીરો ટોલરેસની નીતિ છે.ભ્રષ્ટ્રાચારમાં સંડોવાયેલા કોઇ પણ વ્યક્તિને છોડવામાં આવશે નહીં.એ યાદ રહે કે આ મુદ્દત દરમિયાન મળેલી ફરિયોદોમાં સરકારને ૧૪૯ ઓડિયો અને વીડિયો રેકોર્ડિંગ મળી છે.જેને વિજિલેંસ બ્યુરોની પાસે મોકલવામાં આવી છે આ ફરિયાદોના આધાર પર અત્યાર સુધી ૩૩ એફઆઈઆર અને ૫૨ લોકોની ધરપકડ કરવામાં આવી ચુકી છે તેમાં ૨૪ સામાન્ય લોકો,૧૫ પોલીસ અધિકારી અને ૧૪ સરકારી અધિકારી સામેલ છે.તેમાં સૌથી મોટી કાર્યવાહી બે મહીના પહેલા આમ આદમી પાર્ટીએ પોતાના જ આરોગ્યમંત્રી વિજય સિંગલા પર કરી હતી તેમાં સિંગલાની સાથે તેમના ઓએસડી પ્રદીપકુમાર જો કે તેમના ભત્રીજા પણ છે બંન્નેને મે ૨૪ના રોજ ભ્રષ્ટ્રાચારના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી સિંગલા પર પીએચએસસીમાં એક કોન્ટ્રાકટના પેમેન્ટ માટે બે ટકા કમીશન માંગવાનો આરોપ હતો રિપોર્ટ અનુસાર સિંગલાની વિરૂધ્ધ ભ્રષ્ટ્રાચારના આરોપોનો ખુલાસો પીએચએસસીમાં તહેનાત એગ્ઝીક્યુટિવ એન્જીનિયર રાજિંદર સિંહે તેમની વાતચીત રેકોર્ડ કરીને કર્યો હતો જેમાં એપ્પલ વોચનો પ્રયોગ કરવામાં આવ્યો હતો.

# લઠ્ઠાકાંડ ના વિરોધ માં અમદાવાદ ના ગાંધી આશ્રમ પાસે થી કલેક્ટર કચેરી સુધી પદયાત્રા કરી મુખ્યમંત્રી અને ગૃહમંત્રી ના રાજીનામાં માટે આવેદન પત્ર

ગાંધીનગર,,

જય ગરવી ગુજરાત સાથે જણાવવું કે આજ રોજ જન સંઘર્ષ વિરાટ પાર્ટી ના ગુજરાત પ્રદેશ પ્રમુખ પિયુષ રાવલ ના ઉપસ્થિતિ માં અમદાવાદ કલેકટર કચેરી સુધી પદયાત્રા નું આયોજન કરી આવેદન આપી મુખ્યમંત્રી અને ગૃહમંત્રી નું રાજીનામુ માંગવામાં આવ્યું.




બોટાદ ખાતે કથિત લઠ્ઠાકાંડ માં ૫૫ લોકો એ અત્યાર સુધી જીવ ગુમાવ્યા છે તો નૈતિકતા ના આધારે રાજ્ય ના મુખ્યમંત્રી અને ગૃહમંત્રી એ તાત્કાલીક રાજીનામુ આપવું જોઈએ.

દેશી દારૂ એ દુષણ છે અને કોની રહેમનજર હેઠળ આ ધંધો ચાલે છે એની ઊંડાણ પૂર્વક તપાસ થવી જોઈએ તથા અમદાવાદ માં તપાસ કરી દિન-૩ માં તમામ દારૂ ના અડ્ડાઓ બંધ કરાવવા વિનંતી છે. આ લઠ્ઠાકાંડ માં કેમિકલ પૂરું પાડનાર કમ્પની માત્ર ચોરી ના નામે લૂલો બચાવ કરી શકાય નહિ.ગામ ના સરપંચ શ્રી દ્વારા અગાઉ લેખિત માં અરજી કરવા છતાં પોલીસ દ્વારા કોઈ કાયદેસર ની કાર્યવાહી કરેલ નહિ જો તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવામાં આવી હોત તો આ ઘટના ના બની હોત અને કોઈ પરિવાર નિરાધાર બન્યો ના હોત.

ગુજરાત માં ગેરકાયદેસર ધંધાઓ ચાલતા હોય અને કોઈ વ્યક્તિ કે સરપંચ પોલીસ સ્ટેશન માં અરજી કરે તો પણ અરજીઓ આપવા છતાં કોઈ કાયદેસર કાર્યવાહી ના કરવામાં આવે તો તેની જવાબદારી રાજ્ય ના મુખ્ય મંત્રી અને ગૃહ મંત્રી ની આવે જો મહાત્મા ગાંધીજી ના ગુજરાત માં દારૂબંધી હોવા છતાં ખુલ્લેઆમ ગુજરાત માં દેશી દારૂ નું વેચાણ થતું હોય અને સાથે સાથે વિદેશી દારૂ નો પણ વેપાર ખુબ પ્રમાણ માં થતો હોય અને સરકાર દેશી દારૂ ને કેમિકલ નું સ્વરૂપ ગણાવી ને ખોટો બચાવ કરી રહી છે. ગુજરાત માં ગુનાખોરી નું પ્રમાણ એટલું બધુ વધી ગયું છે કે જનતા ત્રાહિમામ પોકારી ગઈ છે અને જનતા કોઈ વિરોધ કરે તો તેમની સામે ખોટી કાર્યવાહી કરીને દબાવવા માં આવે છે અને શોષણ કરવામાં આવે છે.

જો ગુજરાત માં આ સરમુખત્યારશાહી સરકાર માં જનતા ને મળતી લોકશાહી નું ખનન કરવું છે, બહુ થયું મુખ્યમંત્રી શ્રી અને ગૃહમંત્રી શ્રી.મંત્રીશ્રીઓ નિર્ણય કરી શકતા ના હોય તો નૈતિકતાના ધોરણે રાજીનામું આપી દેવું જોઈએ, રાજીનામું ના આપે આપ સાહેબ નૈતિકતાના ભાગરૂપે તતસ્ટાથી કાયદેસર કાર્યવાહી કરાવો અને નામદાર હાઈકોર્ટ માં લઠ્ઠાકાંડ બાબતે સુઓમોટો દાખલ કરાવી ને કાયદેસર ની કાર્યવાહી કરાવવા અમારી આ માંગ છે.

# કામધેનું યુનિવર્સીટી ગાંધીનગર થી સંચાલિત વેટરનરી કોલેજ, નવસારી કેન્દ્ર ખાતે ઓનલાઈન માધ્યમ થી અશ્વ સ્વાસ્થય પર રાષ્ટ્રીય કક્ષાના વર્કશોપ નું આરંભ કરાયું

ગાંધીનગર,

ગુજરાત રાજ્યની એક માત્ર પશુચિકિત્સા અને પશુ પાલન વિષય ઉપર કાર્યરત કામધેનું યુનિવર્સીટી ગાંધીનગરથી કાર્યરત એવી વેટરનરી કોલેજ, નવસારી કેન્દ્રના વેટરનરી મેડિસીન વિભાગ દ્વારા તા. ૨૫-૩૦ જુલાઈ ૨૦૨૨ સુધી છ દિવસીય રાષ્ટ્રીય કક્ષાના ઓનલાઈન માધ્યમથી અશ્વ સ્વાસ્થય વિષય પર ના વર્ક શોપ નું આરંભ કરવામાં આવ્યું. આ રાષ્ટ્રીય કક્ષાના વર્કશોપ માં મુખ્ય અતિથી તરીકે ડો. આર કે દેદાર વરિષ્ઠ વૈજ્ઞાનિકશ્રી રાષ્ટ્રીય અશ્વ સંશોધન કેન્દ્ર બિકાનેર થી ઓનલાઈન માધ્યમ થી હાજર રહી ને પશુ ચિકિત્સકો , સંશોધન વૈજ્ઞાનિકશ્રી અને વિદ્યાર્થી ગણ ને સંબોધિત કર્યા હતા. તેમના વક્તવ્ય ક્રમમાં અશ્વ સ્વાસ્થય પર વધુ સંશોધન થાય તેમાં ભાર આપવા માં કેહવા માં આવ્યું હતું. આ રાષ્ટ્રીય કક્ષાના સન્માનનીય મેહમાન તરીકે ડો. ઝુલ્ફીકાર અલી, ભારતીય અશ્વ ચિકિત્સક સંઘ,પુના દ્વારા કામધેનું યુનિવર્સીટી સાથે જોડાણથી અશ્વ પશુ ચિકિત્સકોના તાંત્રિક જ્ઞાનમાં વધારો થશે અને ભવિષ્યમાં આ પ્રકારના વર્કશોપ નું આયોજન થવું જોઈએ જેનાથી અશ્વ પશુ ચિકિત્સકોને વધુ લાભવંતી થઈ શકશે . આ વર્ક શોપમાં કામધેનુ યુનિવર્સીટી ના માનનીય કુલપતિશ્રી ડો. એન એચ કેલાવાલા દ્વારા અશ્વ વિષયક નું મહત્વ ઉપરાંત કોરોના કાળ બાદ ઓનલાઈન વર્કશોપ, તાલીમ દ્વારા દેશ ના કોઈપણ ખૂણે જ્ઞાન આપી શકાય એ સાબિત થઇ ગયું છે. આ પ્રકારના રાષ્ટ્રી કક્ષાના વર્કશોપ નો લાભ અશ્વ સંશોધકો, પશુ ચિકિત્સકો તથા વિદ્યાર્થી ગણ ના જ્ઞાનમાં વધારો થશે. દેશ ના ખ્યાતનામ વિષય નિષ્ણાંત દ્વારા જેનો લાભ સદભાગી ઓ લઇ શકશે તથા વર્કશોપ આયોજકો અને આચાર્યશ્રી વેટરનરી કોલેજ ડો. વી બી ખરાદી ને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ રાષ્ટ્રીય કક્ષા ના વર્કશોપમાં આચાર્યશ્રી વેટરનરી કોલેજ નવસારી કેન્દ્રના ડો. વી બી ખરાદી દ્વારા માહિતી આપવામાં આવેલ કે ૨ દેશના ૨૫ રાજ્યો માંથી ૨૮૩ જેટલા સદભાગીઓ ઓનલાઈન માધ્યમથી હાજર રહેલા છે તથા આયોજકોના દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રયત્નો ને બિરદાવવામાં આવ્યા હતા. આ સદરહુ વર્કશોપમાં કામધેનુ યુનિવર્સીટી ગાંધીનગર ના સંશોધન નિયામકશ્રી ડો. ડી બી પાટીલ તથા ડીનશ્રી વેટરનરી ફેકલ્ટી કામધેનુ યુનિવર્સીટી ડો પી એચ ટાંક દ્વારા આયોજકોને સુભેચ્છા તથા સદભાગીઓના વિષય નિષ્ણાંત દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાનુ ઓનલાઈન ઉત્તમ માધ્યમ છે તેવું જણાવવામાં આવેલ હતું અને અંતમાં આયોજકોશ્રી વતી ડો એમ.ડી.પટેલ અને ડો. એસ.વી. માવદીયા દ્વારા રાજ્ય કક્ષાના વર્કશોપ હાજર રહેલા વિવિધ સદભાગીઓ, વિષય નિષ્ણાંતો અને કામધેનુ યુનિવર્સીટી ગણ ના અધિકારીઓનો આભાર માનવામાં આવ્યો હતો.

# ચૌધરી ગજેન્દ્ર સિંહ દહિયાને ભારતીય જનતા પાર્ટી (કલા અને સાંસ્કૃતિક સેલ) માં પાણીપત જિલ્લા મીડિયા પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા

પાણીપત,

પાણીપત હરિયાણાના ચૌધરી ગજેન્દ્ર સિંહ દહિયા ગજ્જુ બાબાને ભારતીય જનતા પાર્ટી (કલા અને સાંસ્કૃતિક સેલ) માં પાણીપત જિલ્લા મીડિયા પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.



ભારતીય જનતા પાર્ટી આર્ટ્સ/કલ્ચરલ સેલ હેઠળ, આજે ચૌધરી ગજેન્દ્ર સિંહ દહિયા ગજ્જુ બાબાના આદરણીય મોટા ભાઈ શ્રી દયાનંદ ખુંગરજી અને પાણીપત જિલ્લા સંયોજક આદરણીય અને આદરણીય મંજુ સૈની બેહનાજીના સ્થાને ગયા હતા.

મંજુ સૈનીને ભારતીય જનતા પાર્ટી હરિયાણા સ્ટેટ મીડિયા ઈન્ચાર્જની જવાબદારી મળવા બદલ અભિનંદન અને અભિનંદન આપતાં આદરણીય મોટાભાઈ ભારતીય જનતા પાર્ટી આર્ટસ એન્ડ કલ્ચરલ સેલ શ્રી દયાનંદ ઠુંગર જી, પાણીપત જિલ્લા કન્વીનર અને ચૌધરી ગજેન્દ્ર સિંહ દહિયા ગજ્જુ બાબાએ તેમનું સ્મૃતિચિહ્ન આપીને સન્માન કર્યું હતું. કર્યું. જ્યાં આદરણીય વડીલ ભાઈ શ્રી દયાનંદ ઠુંગર ભારતીય જનતા પાર્ટી આર્ટસ/કલ્ચરલ સેલના જિલ્લા સંયોજક ચૌધરી ગજેન્દ્ર સિંહ દહિયા ગજ્જુ બાબાને ભારતીય જનતા પાર્ટી આર્ટસ એન્ડ કલ્ચરલ સેલ પાણીપત જિલ્લા મીડિયા ઈન્ચાર્જ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તેમની નિમણૂકની જાહેરાત કરી હતી.

# હેડિંગ- ગાંધીનગરના સેક્ટર ૩૦ની આંતરિક સ્ટ્રીટ લાઈટ્સ મેઈન્ટેનંસના કારણે ૧૦ દિવસ બંધ રહેશે

તા. ૨૮ જુલાઈ, ૨૦૨૨,

ગાંધીનગર,

ગાંધીનગર મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલા સેક્ટર ૩૦ ખાતે ચોમાસામાં પાણી અને ગટરની સમસ્યાને ધ્યાને લઈને માન. મેયરશ્રી દ્વારા પાણી પુરવઠા, આર.એન.બી તથા મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓની બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં આ વિસ્તારમાં તાત્કાલિક સમસ્યાના નિકાલ માટે સૂચના આપવામાં આવી હતી. જે અંતર્ગત પાણી તથા ગટરની લાઇનનું ખોદકામ કરવામાં આવ્યું હતું. જેમાં સ્ટ્રીટ લાઈટના કેટલાક વાયરને તૂટ્યા હોવાથી તેને બદલવાની કામગીરી કરવામાં આવી રહી છે. જેથી આ વિસ્તારમાં ૧૦ દિવસ માટે સ્ટ્રીટ લાઈટ બંધ રાખવામાં આવશે. જેમ જેમ વાયર બદલવાની કામગીરી પૂર્ણ થતી જશે તેમ તબક્કાવાર સ્ટ્રીટ લાઈટ શરૂ કરવામાં આવશે. જેની જાહેરજનતાએ નોંધ લેવા તથા સહયોગ કરવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવે છે.

# ચાણસ્મા તાલુકાના ઈસ્લામપુરા ગામનાં યુવકો દ્વારા શ્રાવણ માસ આવી રહ્યો હોઈ સિદ્ધપુરના બ્રહ્માંડેશ્વર મહાદેવ થી ઈસ્લામપુરા ના નીલકંઠેશ્વર મહાદેવ સુધી કાવડ યાત્રા કરવામાં આવી

રિપોર્ટ નિખિલ જોશી

પાટણ બ્યુરો

ચાણસ્મા તાલુકાના ઈસ્લામપુરા ગામનાં યુવકો દ્વારા શ્રાવણ માસ આવી રહ્યો હોઈ સિદ્ધપુરના બ્રહ્માંડેશ્વર મહાદેવ થી ઈસ્લામપુરા ના નીલકંઠેશ્વર મહાદેવ સુધી કાવડ યાત્રા કરવામાં આવી. આ કાવડયાત્રામાં લગભગ ૩૮ કિલોમીટર જેટલું અંતર કાપવામાં આવેલું જેમાં સિદ્ધપુરથી ચંદ્રાવતી, ડેર, બાલીસણા,રણુંજ વગેરે ગામોમાં પસાર થઈ ઈસ્લામપૂરા સવારે સાડા છ કલાકે સવારે પહોંચ્યા હતા અને ગામનાં આસ્થાનું કેન્દ્ર શ્રી નીલકંઠેશ્વર મહાદેવનાં મંદિરે આવી આ યાત્રા પૂર્ણ કરવામાં આવી હતી . જેમાં



વિરલ પટેલ, સાવન નાયી,યશ પટેલ,સૌરવ પટેલ, મીત પટેલ,અંશ પટેલ,આર્યન નાયી, હેત પટેલ,સંકેત પટેલ,નિકુંજ પટેલ સહિત ૧૬ જેટલા શિવ ભક્તો દ્વારા ભગવાન શિવજી ની આરાધના કાવડયાત્રા થકી કરવામાં આવી હતી અને સામે મળતા પદયાત્રીઓ કે ગ્રામ જનો દ્વારા હર હર મહાદેવના નારા સાથે આ યુવકોની યાત્રા માં જોમ જુસ્સો વધારી દીધો હતો.

# મહેસાણાના વીરતા ગામના શિવ ભક્તો દ્વારા કાવડ મારફતે સિધ્ધપુર થી જળ લાવવામાં આવ્યો



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

હિન્દુ ધર્મનો પવિત્ર માસ એટલે શ્રાવણ માસ શ્રાવણ માસની અંદર મહાદેવજી તેમજ વિવિધ દેવી-દેવતાઓની પૂજા અર્ચના કરવામાં આવે છે તેમજ વ્રત પણ રાખવામાં આવે છે ત્યારે આવતીકાલથી શરૂ થનારા શ્રાવણ માસની અંદર શિવ ભક્તો દ્વારા અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે મહેસાણા જિલ્લાના વીરતા ગામના શિવ ભક્તો દ્વારા પવિત્ર શ્રાવણ માસની અંદર મહાદેવજીને જળાભિષેક કરવા માટે સિધ્ધપુર થી કાવડ યાત્રા યોજી જળ લાવવામાં આવ્યું હતું આ પ્રસંગે ગામના અનેક શિવભક્તો પદયાત્રામાં જોડાયા હતા અત્રે ઉલ્લેખનીય છે કે સિદ્ધપુર શહેર વીરતા ગામથી છત્રી કિ.મી નું અંતર થાય છે જે અંતર એક જ દિવસમાં કાપવામાં આવ્યું હતું ત્યારે બિલ્લીપત્રની સાથે સાથે ભૂદેવોના મંત્રોચ્ચાર સાથે જડાભિષેક કરવામાં પણ આવશે

# રાષ્ટ્રના પ્રથમ આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ મહામહિમ શ્રીમતી દ્રૌપદી મુર્મુજી માટે સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ મહાનગર ભાજપા સંગઠન દ્વારા વિરોધ નોંધાવાયો

*ગાંધીનગર,*

*રાષ્ટ્રના પ્રથમ આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ મહામહિમ શ્રીમતી દ્રૌપદી મુર્મુજી માટે કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરી દ્વારા 'રાષ્ટ્રપત્ની' જેવા અશોભનીય શબ્દના કરેલા ઉચ્ચારણને સખત શબ્દોમાં વખોડી ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ મહાનગર ભાજપા સંગઠન દ્વારા વિરોધ નોંધાવાયો.*




*"સોનિયા ગાંધી માફી માંગે", "આદિવાસી દીકરીનું અપમાન નહિ ચાલે', "રાષ્ટ્રપતિનું અપમાન નહી ચાલે", "અધીર રંજન ચૌધરી માફી માંગે" સહિતના પ્લેકાર્ડ દર્શાવી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું.*

*શ્રી કમલમ્, સેકટર ૨૧ ખાતે આયોજિત વિરોધ પ્રદર્શન કાર્યક્રમમાં મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, જિલ્લા ભાજપા પ્રમુખશ્રી અનિલભાઈ પટેલ, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, મહામંત્રીશ્રીઓ, સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ જોડાયા હતા.મહાનગરના તમામ વોર્ડમાં ભાજપા દ્વારા કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજી માટે કરેલ નિમ્નસ્તરની ટિપ્પણીને વખોડી વિરોધ પ્રદર્શન કાર્યક્રમોનું આયોજન કરાયું.*

*કલ્પ પટેલ*

*મીડિયા કન્વીનર*

*ગાંધીનગર મહાનગર ભાજપ*

# દારૂ વેચવો હોય તો દૂધ જેવો ચોખ્ખો વેચો : ભાજપ નેતા વિપુલ ચૌધરી

પાટણ,તા.૨૮

દારૂ વેચવો હોય તો દૂધ જેવો ચોખ્ખો વેચો. આ બફાટ કર્યો છે મહેસાણા દૂધ સાગર ડેરીના પૂર્વ ચેયરમેન વિપુલ ચૌધરીએ. કેમિકલ લઠ્ઠાકાંડમાં મોતના તાંડવથી આખું ગુજરાત ધણધણ્યુ છે. એવામાં વિપુલ ચૌધરીની વણમાગી સલાહ સામે આવી છે.

પાટણમાં અર્બુદા સેનાની બેઠકમાં વિપુલ ચૌધરીએ મીડિયા સાથેની વાતમાં કહ્યુ કે, સહકારી સંસ્થાઓ ગુણવત્તા યુક્ત દૂધનું વેચાણ કરી રહી છે. તો ગુણવત્તાયુક્ત દારુનું વેચાણ થાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ. વિપુલ ચૌધરી આટલે જ ન અટક્યા અને ત્યાં સુધી બોલ્યા કે, સરકારને તકલફી ન હોય તો દારૂના વેચાણ માટે અમારી એજંસી આપી દઈએ.

# રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરોચાણસ્મા મામલતદાર કચેરી દ્વારા અકસ્માત અંગે મોકડ્રીલનું આયોજન આવ્યું

પાટણ,

પાટણ જીલ્લાના ચાણસ્મા-હારીજ હાઈવે પર મિની ટ્રક અને છોટા હાથી વચ્ચે અકસ્માત સર્જાતાં ૨(બે) રાહદારીઓને ગંભીર ઈજા થઈ તે આ બાબતની સ્થળ પર હાજર વ્યક્તિ દ્વારા મામલતદાર કચેરીએ ફોન કરતાં તાત્કાલિક ૧૦૮ ઈમર્જન્સી, મામલતદારશ્રી ચાણસ્મા જે.એન. દરબાર તેમજ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી.તેમજ લોકો પણ ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. ત્યારબાદ જાણવા મળેલ કે મામલતદાર કચેરી ચાણસ્મા દ્વારા અકસ્માત અંગે મોકડ્રીલ યોજવામાં આવી હતી.આ સમગ્ર મોકડ્રીલનું આયોજન નાયબ મામલતદાર પ્રકાશભાઇ પરમાર,



મામલતદારશ્રી ચાણસ્મા જે.એન. દરબાર દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું.આ બાબતે તંત્રએ ચોકસાઈ પૂર્વક કામ કર્યાનું જણાઈ આવેલ.આ અંગે મામલતદાર કચેરી દ્વારા મોકડ્રિલ યોજવામાં આવેલ હોઈ તેઓ લોકોને જણાતા સૌએ હાશકારો અનુભવ્યો હતો

# શ્રાવણમાસના શરૂઆતની પૂર્વસંધ્યાએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૮૨મું અંગદાન

આજે ૨૯ મી જીલાઇ થી ગુજરાતમાં શ્રાવણ મહિનાની શરૂઆત થશે. શ્રાવણ મહિનો એટલે ભગવાન ભોળાનાથની ભક્તિ , પૂજા અને આસ્થાનો મહિનો. શ્રાવણ મહિનામાં દાનનો મહિમા પણ અનેરો છે. શાસ્ત્રોમાં કોઈપણ પ્રકારના દાનને પુણ્યનું કાર્ય ગણવામાં આવ્યું છે જ્યારે દાન કરનારને યોદ્ધા જેવું સન્માન મળે છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં શ્રાવણ મહિનાની પૂર્વ સંધ્યાએ દેવોની ભૂમિ દ્વારકાથી અંગદાન થયું છે. દેવભૂમિ દ્વારકાના ૬૦ વર્ષીય હમીરભાઇ ગોરીયાને ૨૫ મી જુલાઇના રોજ માર્ગ અકસ્માત થતાં સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા હમીરભાઈને સારવાર દરમિયાન તબીબો દ્વારા



બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા. હમીરભાઇ બ્રેઇનડેડ થતાં પરિવારજનોએ અંગદાન માટે સંમતિ દર્શાવી હતી. હમીરભાઇનાં અંગોના રીટ્રાઇવલમાં બે કિડની અને એક લીવરનું દાન મળ્યું. જેને અમદાવાદ સિવિલ મેડિસિટીની જ કિડની ઈન્સ્ટીટ્યુટમાં દાખલ જરૂરિયાતમંદ પીડિત દર્દીમાં પ્રત્યારોપણ કરીને નવજીવન બક્ષવામાં આવ્યું છે.અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડ્ન્ટ ડૉ. રાકેશ જોષી જણાવે છે કે, શ્રાવણ મહિનાના પ્રારંભે અમદાવાદ સિવિલમાં ૮૨મુ અંગદાન થયું છે. અત્યાર સુધીમાં સિવિલ હોસ્પિટલમાં થયેલ ૮૨ અંગદાનમાં ૨૫૯ અંગોને પ્રોક્યોર કરવામાં આવ્યા છે. જેમાં ૧૩૪ કિડની, ૭૦ લીવર, ૨૧ હ્રદય, ૯ સ્વાદુપિંડ, ૬ હાથ, ૯ ફેફસાં અને ૧ નાના આંતરડાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૪૪ આંખ પણ ડોનેશનમાં મળી છે. આ તમામ અંગોના પ્રત્યારોપણથી ૨૩૬ લોકોને નવું જીવન આપવામાં સફળતા મળી છે.

# એનિમલ વેલ્ફેર બોર્ડનાં ગિરીશભાઈ શાહ અને મિતલ ખેતાણી દ્વારા ધર્મનાં નામ પર અબોલ પશુઓની હત્યા અટકાવવા લોકસભા અને રાજ્યસભાનાં તમામ સાંસદોને રજૂઆત

## રજૂઆતોનો હકારાત્મક પ્રતિભાવ મળવાની શરૂઆત

સમસ્ત મહાજનનાં મેનેજિંગ ટ્રસ્ટી અને એનિમલ વેલ્ફેર બોર્ડનાં સદસ્ય ગિરીશભાઈ શાહ અને મિતલ ખેતાણી દ્વારા ધર્મનાં નામ પર અબોલ પશુઓની હત્યા અટકાવવા રજૂઆત કરવામાં આવી હતી. ધર્મનાં રીતિ રિવાજોના નામ પર કતલખાનાઓમાં અનેક અણગમતી પરિસ્થિતિઓમાં તેમજ જાહેરમાં ખૂબ જ ક્રૂરતાથી તેમની કતલ કરવામાં આવે છે. પી. સી. એ. એક્ટ , ૧૯૬૮ની ધારા ૨૮ અંતર્ગત ધાર્મિક હેતુથી થતી કતલ કાયદેસર માનવાની જોગવાઈ કરવામાં આવી છે. આ મુદ્દા વિષયક અબોલ પશુનાં જીવોને બચાવવા ગિરિશભાઈ શાહ અને મિતલ ખેતાણી દ્વારા ભારતનાં તમામ લોકસભા સાંસદો અને રાજ્યસભાનાં સાંસદોને પત્ર દ્વારા તેમજ ઇ મેઈલનાં માધ્યમથી રજૂઆત કરવામાં આવી હતી. જેમાંથી ૫૦ જેટલા સાંસદોને તો રૂબરૂ મળીને આ અંગે રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં ધાર્મિક હેતુથી થતાં કતલને રોકવા અંગેનો મુદ્દો સંસદમાં ઉઠાવવા અનુરોધ કરાયો હતો,જેનો હકારાત્મક પ્રતિભાવ આવવાની શરૂઆત થઈ ચૂકી છે. સાંસદ સુનિલ કુમાર સોની દ્વારા લોકસભામાં આ અંગે રજૂઆત કરવામાં આવી હતી. સુનિલ કુમાર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ધાર્મિક હેતુથી પશુઓની કતલ કતલખાના ઉપરાંત સાર્વજનિક સ્થળ પર પણ કરવામાં આવે છે જે અત્યંત ક્રૂરતાભર્યું કાર્ય છે. હત્યાના કારણે પશુઓનું લોહી અને તેમના અંગો જાહેર રસ્તાઓ પર ફેલાઈ છે જે પર્યાવરણ પર નકારાત્મક અસર કરે છે. વધુમાં સુનિલ કુમાર દ્વારા ઞછ છઞ્ની જોગવાઈમાં સુધારો કરવા સંસદમાં અપીલ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ પૂર્વે સાંસદ હેમા માલિનીજી દ્વારા પણ આ વિષયો અંગે સંસદમાં પોતાનો જીવદયા પૂર્ણ મત રજૂ થઈ ચૂક્યો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK